ખાનગી વહેંચવા માટે.

શ્રી

આપણી કોમની આર્થિક સ્થિતિ અને તે સુધારવાનાં સાધનો.

कर्मण्येवाधिकारस्ते माफलेषुकदाचन ॥

(श्रीमद् भगवद् गीता.)

લખનાર તથા છપાવનાર:-

મુંબઈ ભાવનગર વડનગરા નાગર મંડળ.

મુંબઈ.

"ઈન્ડીઅન નેશનલ પ્રીન્ટીંગ વર્ક્સ" ૩૦૬, બોહરા બજાર સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ. પ્રીન્ટર—જીવરાજ ગોકળદાસ નેગાંધી.

પ્રત ૪૦૦. સન ૧૯૧૮.

ૐ

ઉપોદ્ઘાત.

શ્રી મુંબઇ-ભાવનગર વડનગરા નાગર મંડળની સ્થાપના ઇ. સ. ૧૯૦૮ માં કરવામાં આવી હતી. મંડળનો ઉદ્દેશ ભાવનગરમાં જ્ઞાતિ ભંડોળ એકઠું કરાવવાનો પ્રયાસ કરવાનો રાખવામાં આવ્યો હતો. બે ત્રણ વર્ષના પ્રયાસોને અંતે એ ઉદ્દેશ વડીલોની સહાનુભૂતીથી અમુક અંશે ફળીભુત થએલ છે તે સૌ જ્ઞાતિ બંધુઓને સુવિદિત છે. મંડળે આ ઉદ્દેશ ઉપરાંત "સ્ત્રી સામાન્ય ઉન્નતી" સંબંધે પ્રયાસ કરવાનો ઉદ્દેશ પણ પોતાની કાર્ય પ્રણાલીમાં ગોઠવ્યો હતો. ભાવનગરમાં નાગર જીમખનાની સંસ્થાએ છેલ્લાં, પાંચ, છ વર્ષોથી, આ દિશામાં શુભ પ્રયાસ કરી જ્ઞાતિની અમુલ્ય સેવા કરવા માંડી છે, અને તેને અંગે સ્ત્રીઓના ભરતકામ, સિવણકામ, ગુંથણકામ, વેતરકામ, ચિત્રકામ, વિગેરેના સુંદર નમુનાઓનું પ્રદર્શન પ્રત્યેક વર્ષે નાગર જીમખાનામાં કરવામાં આવેછે, એટલુંજ નહિ પણ સભાસદોની સહાયથી સુંદર નમુનાઓ માટે ઇનામો વહેંચવામાં આવે છે. આ ઉપરાંત સ્ત્રી સામાન્ય કેળવણીને ઉત્તેજન આપવા નિબંધો લખાવવામાં આંવે છે તથા "ધી ચંચળ લક્ષ્મી પ્રાઇઝ" કન્યાશાળામાં અભ્યાસ કરતી આપણી જ્ઞાતિની કન્યાઓને આપવાનું કાર્ય પણ મજકુર સંસ્થાએ હાથ ધરેલ છે. આ પ્રમાણે પ્રતિ વર્ષ નાગર જીમખાના તરફથી જ્ઞાતિ ઉન્નતિ માટે સતત પ્રયાસ ચાલુ કરવામાં આવેલ છે: એટલે આ મંડળના ઉદ્દેશ પરત્વેનું "સ્ત્રી સામાન્ય ઉન્નતિ" નું કાર્ય પણ અમુક અંશે ફલીભૂત થએલ છે.

ઇ. સ. ૧૯૧૫ ની સાલમાં નાગર જીમખાનાએ એક સેન્સસ કમીટીની નીમણુંક કરી વસ્તિ પત્રક તૈયાર કરાવી. તેની રીપોર્ટ દ્વારાએ બે વર્ષ અગાઉ પ્રસિદ્ધિ કરી છે, તેમજ કેળવણીને લગતો રીપોર્ટ છેલ્લાં બે વર્ષમાં પ્રસિદ્ધ કરી, હાલમાં કેળવણીને અંગે તથા બીજી બાબતોમાં આપણી જે સ્થિતિ છે, તેની ઉપર જ્ઞાતિ સભ્યોનું ધ્યાન ખેંચી જ્ઞાતિની ઉત્તમ સેવા બજાવી છે. મંડળે હાલમાં "આપણી કોમની આર્થિક સ્થિતિ અને તે સુધારવાનાં સાધનો" એ વિષય ઉપર લેખ લખાવવા અને પ્રસિધ્ધ કરવાનું ઠરાવેલ, પરંતુ પ્રસંગવશાત આ લેખ લખાઇ પ્રસિદ્ધ થવામાં થોડો વીલંબ થએલ છે. જેને માટે મંડળ સૌ જ્ઞાતિ જન પાસે ક્ષમા

યાચેછે. જુદા જુદા ગૃહસ્થો રા રા. ભાનુપ્રસાદ દાજીભાઇ મહેતા, નવનીધરાય હરજીવનદાસ મહેતા, પ્રતાપરાય છોટમલાલ દેશાઇ, લાભશંકર પિતાંબરદાસ મહેતા, ગુણવંતરાય શિવપ્રસાદ મહેતા તથા એક ગૃહસ્થ જેમણે પોતાનું નામ આપ્યા વગર પોતાના વિચારો મોકલાવેલ છે તેને માટે મંડળ તેમનો ઉપકાર માને છે. આ લખાણોમાં ચર્ચવામાં આવેલ મુદ્દાઓ સર્વ મનનીય છે, પ્રશંશા પાત્ર છે. અને તેનો ટુંક સારાંશ પરિશિષ્ટ તરીકે આ લેખની સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આ મંડળ તરફથી આ લેખ લખવાની આપણી જ્ઞાતિના એક બે અનુભવી તથા વિદ્વાન ગ્રહસ્થોને વિનંતી કરવામાં આવી હતી પણ તે ગ્રહસ્થો અન્ય વ્યવસાય અથવા તો એવા બીજાં કોઇ કારણને લઇને લખી શક્યા નહોતા, એટલે આ પત્ર પ્રસિધ્ધ કરવાનું અત્યાર સુધી બની શક્યું ન હતું. પણ રા. રા. વૈકુંઠરાય નવનિધરાય મહેતા, કે જેમનો નાગર જીમખાનાને અંગે, અથવા તો બીજી કોઇ સંસ્થાને અંગે, જ્ઞાતિહિતાર્થ કાર્યમાં ઉત્સાહ તથા બળ જાણીતાં છે, તેમનું મુંબઇમાં નોકરી અર્થે આવવાનું થતાં, તેમને કમીટી તરફથી, આ લેખ લખવાની વિનંતિ કરવામાં આવી હતી જેનો તેમણે સ્વીકાર કરીને "આપણી આર્થિક સ્થિતિ તથા તે સુધારવાનાં સાધનો" વીષે સરલતા તથા અસરકારક ભાષામાં અને ટુંકો લેખ થોડા વખતમાં લખી આપીને મંડળ તથા જ્ઞાતિની સેવા બજાવી છે. તે માટે તેમનો આ સ્થાને ઉપકાર માનવાની જરૂર છે. મંડળની કારકીર્દીનાં પહેલાં બે ત્રણ વર્ષ દરમ્યાન પણ જે કાંઇ સંગીન કામ કરી શકાયું હતું તે તેમનાજ સતત પ્રયાસ અને ઉત્સાહને ઘણે અંશે આભારી છે અને હવે પણ તેમની રહેણાક મુંબઇ થઇ છે એટલે મંડળના કામકાજમાં તેઓ પહેલાંની માફકજ ભાગ લેશે એવી દ્રઢ શ્રદ્ધા છે.

સં૦ સ૦ ૧૯૮૫ ની સાલમાં નાગર જીમખાનાની સંસ્થાએ આપણી જ્ઞાતિની વસ્તી ગણત્રી કરવા એક કમીટીની નીમણુંક કરી હતી. આ કમીટીએ વસ્તિપત્રક તૈયાર કરી, તેની પ્રસિદ્ધિ રીપોર્ટ દ્વારાએ બે વર્ષ અગાઉ કરી છે; તે ઉપરાંત છેલ્લાં બે વર્ષથી મજકુર સંસ્થા તરફથી કેળવણીનો રીપોર્ટ તૈયાર કરાવી પ્રસિદ્ધ કરાવવામાં આવેલ છે, જેથી હાલમાં આપણી કેળવણીને અંગે શું પરિસ્થિતિ છે, તેની ઉપર સૌ જ્ઞાતિ સભ્યોનું ધ્યાન ખેંચવામાં નાગર જીમખાના તરફથી પ્રયાસ થાય છે; તેમજ વસ્તીપત્રકના

રીપોર્ટમાં બતાવવામાં આવેલ વિભાગો જેવા કે "સંખ્યા તથા અવટંક" "લગ્ન સંબંધી સ્થિતિ" "કેળવણી સંબંધી" "ધંધા રોજગાર સંબંધી" "જ્ઞાતીજનો સંબંધી" ઘણી અગત્યની માહીતી પુરી પાડે છે, અને આ લેખ લખવામાં એ માહીતી બહુ ઉપયોગી થઇ પડી છે; એટલે નાગર જીમખાનાએ કરેલ આ જ્ઞાતિસેવા આપણા ઇતિહાસમાં, તેના અનેક સંગીન કાર્યો સાથે ચિર:સ્મરણીય લેખાય એવી છે. ઉકત સંસ્થા, આ ઉપરાંત વ્યવહારિક યોજનાઓ, કેળવણીનો પ્રસાર કરવા માટે છુટીછવાઇ કરે છે, તેને બદલે નિયમિત ધોરણ ઉપર કરે તો ઘણો લાભ થશે, તેમજ જ્ઞાતી મત કેળવવા માટે આ મંડળ તરફથી પ્રયાસ થાય છે, તેમ જુદા જુદા વિષયો ઉપર તેના અંગભુત અગ્રગણ્ય વિદ્વાન સભ્યો પાસે, લેખો લખાવી પ્રસિદ્ધ કરાવવામાં આવશે તો તેના તરફથી કરવામાં આવતાં સંગીન કાર્યો વૃદ્ધિંગત થશે. મતલબ જુદા જુદા વિષયો ઉપર તેથી સારૂં અજવાળું પડશે અને આપણી હાલમાં શું સ્થિતિ છે તેનો વાસ્તવિક ચિતાર આપણી સૌની સમક્ષ દોરી શકાશે.

આ મંડળે આર્થિક સ્થિતિ સંબંધે આ લેખ પ્રસિદ્ધ કરેલ છે તેની ઉપર સંપુર્ણ મનન કરી, સૌ જ્ઞાતિજનને જ્ઞાતિના અભ્યુદયના કાર્યમાં એક દીલથી સહાય કરવા માટે મંડળ વિનંતી કરે છે અને આ લેખ સાથે પ્રસિદ્ધ કરવામાં આવેલ પ્રશ્નાવળીના પ્રત્યુતર, બનતી ત્વરાએ મંડળના નીચે સહી કરનારા મંત્રીઓને મોકલી આપવા મંડળ નમ્ર અરજ કરે છે. હજુ સમય છે, સાધન છે, શકિત છે, તેટલામાં જાગૃત થઇ પ્રયત્ન કરશું તો આપણો ધારેલ હેતુ સિદ્ધ થશે; માત્ર ઉન્નતિના પથ ઉપર આરોહણ કરવા કટિબદ્ધ થવું. એકબીજાને સહાય કરવા તત્પરતા રાખી બનતી સહાય કરવી, એ ભાવનાઓના અંકુરો વૃદ્ધિ પામવાની આવશ્યકતા છે; મંડળના પ્રયાસો આ દિશામાં કંઇક જ્ઞાતિ સેવા કરી, સૌના અભિપ્રાય એક કરવામાં સાધનભૂત નીવડો જ્ઞાતિના અભ્યુદયના કાર્યમાં સંપથી જોડાવા સૌને પ્રેરીત કરો એવી શ્રી હાટકેશ્વર પાસે પ્રાર્થના કરી, આ લેખ જ્ઞાતિ સભ્યોની સેવામાં રજુ કરવામાં આવે છે.

इतिशम् : ॥

કાન્તિલાલ મણીલાલ ઓઝા.
શાન્તિરાય વિ. બળવંતરાય મહેતા.
મંત્રિઓ.

"આપણી કોમની આર્થિક સ્થિતિ અને તે સુધારવાનાં સાધનો."

સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો.

શ્રી મુંબઇ–ભાવનગર, વડનગરા નાગર મંડળ તરફથી આ વિષયમાં લેખ તૈયાર કરાવી જ્ઞાતિ સમસ્તમાં વ્હેંચવાનું નક્કી થએલ છે, એટલે વિષયના ગાંભીર્ય ઉપર દ્રષ્ટી નાખતાં, પૂર્ણ અનુભવ, પકવ બુદ્ધિ, અને શુદ્ધ તથા સરળ ભાષામાં વિચાર પ્રદર્શિત કરવા માટે કસાએલ લેખન-શક્તિ, એ ત્રિગુણથી વિભૂષિત વ્યક્તિના મનના પરિણામરૂપે, આ લેખ પ્રસિદ્ધ થયો હોત, તો તેમાંથી સૌને ઘણું નવું જ્ઞાન પ્રાપ્ત થઇ શકયું હોત; પરંતુ જ્યારે તેવો લેખ મેળવવા આપણે ભાગ્યશાળી થયા નથી, ત્યારે આ વિષય તદ્દન ચર્ચાયા વગર રહે તેના કરતાં, જે કાંઈ વિચારો લેખક યથાશક્તિ પ્રદર્શિત કરી શકે, તેનાથી સંતોષ માની, મંડળના ઠરાવની અનુસાર તેને પ્રસિદ્ધ કરી જ્ઞાતિ સમસ્તમાં વ્હેંચવાથી, આ દિશામાં પ્રગતિ કરવામાં એક પગલું આગળ વધી શકાશે, એ માન્યતાથી આ લેખ લખવાનું હાથ ધરવામાં આવેલ છે.

તા૦ ૩–૩–૧૯૧૮ | મુંબઇ.   લી૦ વૈકુંઠરાય વિ. નવનીધરાય મહેતા
લેખક.

"આપણી કોમની આર્થિક સ્થિતિ અને તે સુધારવાનાં સાધનો."

સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો.

"આર્થિક સ્થિતિ એટલે શું ?"

"આર્થિક સ્થિતિ" નો શબ્દાર્થ, અર્થ સંબંધેની સ્થિતિ, એવો થાય છે; સામાન્ય વ્યવહારમાં તેનો અર્થ, પૈસા ટકા સંબંધેની અથવા નાણાં સંબંધેની સ્થિતિ એવો કરવામાં આવે છે. જ્યારે અર્થશાસ્ત્ર, જેને અંગ્રેજીમાં "પોલીટીકલ ઇકોનોમી" એ પારિભાષિક ઉપનામથી આપણે જાણીએ છીએ, તેના સિદ્ધાંત અનુસાર, માત્ર પૈસા ટકાનોજ તેમાં સમાવેશ કરવામાં આવતો નથી. પરંતુ તેની વિચારણામાં, ક્ષેત્ર મર્યાદા કંઈક વિસ્તૃત બને છે, જે વિષે આગળ લખતાં વિશેષ વિવેચન કરવામાં આવશે.

"આર્થિક સ્થિતિની વિચારણા શા માટે કરવી જોઇએ."

પ્રથમ પ્રશ્ન, આપણા મનમાં સ્વભાવિક રીતે થાય કે, આર્થિક સ્થિતિ સંબંધે વિચાર કરવાની આવશ્યકતા શું છે ?

શું ! બ્રાહ્મણ જીવનમાં અર્થ સંપાદન કરવાનો ઉદ્દેશ, આર્થિક સ્થિતિની સુધારણા માટે પ્રયાસ કરવો તે, ઇષ્ટ આશય તરીખે ગણી શકાય ખરૂં ?

આ પ્રશ્નના વિવેચનમાં ઉતરવામાં વિષય ઘણો લાંબો થાય, તેથી હાલના સમયનું આપણું જ્ઞાતિ જીવન, તથા આપણો વ્યવહાર, એ બન્ને બાબત ધ્યાનમાં લઇએ તો, એ જીવન તથા વ્યવહાર, બન્નેનું વહન સરળતાથી થઇ શકે, બોજારૂપ લાગવાને બદલે આનંદકારક લાગે, દુ:ખનો અનુભવ કરાવવાને બદલે સુખનો આસ્વાદ આપનાર નિવડે, તે હેતુથી, આ વિષયની વિચારણા ઇષ્ટ બને છે. આર્યધર્મ શાસ્ત્રકારોએ, ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, એ મનુષ્ય જીવનના મુખ્ય હેતુઓ-લક્ષ્યો માન્યાં છે; વર્ણાશ્રમની વ્યવસ્થામાં. ગૃહસ્થાશ્રમને ઉચ્ચ સ્થાન આપ્યું છે: અને ગ્રહસ્થાશ્રમ ઉપર બીજા આશ્રમોનો ભાર અથવા આધાર છે એમ પણ સુચવ્યું છે; તેથી ગ્રહસ્થાશ્રમને સુખરૂપ બનાવવો-સુખરૂપ બનાવવા પ્રયાસ

કરવો, એ આપણે માથે એક ફરજ તરીકે આવી પડે છે; એટલે એ દ્રષ્ટિથી જોતાં પણ આર્થિક સ્થિતિની વિચારણા અને સુધારણા માટે પ્રયાસ, ઉભય, જરૂરી લાગે છે.

બીજો પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉદ્દભવે કે, "આપણી કોમની આર્થિક સ્થિતિ અને તે સુધારવાનાં સાધનો" એ વિષયની ચર્ચા આપણા હૃદયની સંકુચિતતા બતાવતાં નથી શું? સકળ જન સમાજની આર્થિક સ્થિતિની સુધારણા, સમસ્ત દેશની આર્થિક સ્થિતિની સુધારણા, આવા મહત્વના પ્રશ્નો જયાં દ્રષ્ટિ પથમાં તરવરે છે, ત્યાં આવી એકદેશીય પ્રવૃત્તિમાં શા માટે લક્ષ પરોવવું જોઇએ? આ પ્રશ્નના પ્રત્યુત્તર આ લેખની ક્ષેત્ર મર્યાદા બહારના છે તેથી વિશેષ વિવેચન કરવાને બદલે એટલુંજ કહેવું પ્રાપ્ત થાય છે કે આપણી જ્ઞાતિ, સમાજરૂપી શરીરના એક અંગરૂપે હોઇ, તેની સુધારણા કરવા પ્રયાસ કરવો એ અનુચિત તો નથીજ; તથા જયાં જયાં અમુક હેતુ સિદ્ધ કરવા પ્રયાસ કરવાની જરૂર થાય છે, ત્યાં ત્યાં તેવા પ્રયાસ ફળીભુત કરવા માટે પણ વિભાગ પાડવા પડે છે, તો તેવા વિશેષ વિભાગ રૂપે આપણી જ્ઞાતિને લેખીને, તેને ઉદ્દેશીને કાર્ય કરીએ તો, તેથી પણ ધારેલ હેતુ સિદ્ધ કરવામાં એક પગથીયું વધુ ઉપર ચ્હડી શકાય, એટલે, એ ભાવના રાખી આ વિષયની સંકુચિત મર્યાદા હોવા છતાં, તેની વિચારણા હાનિકારક નથી બલકે લાભપ્રદજ છે.

"“અર્થ”માં સમાવેશ શેનો થાય?" ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ આપણા જીવનના ચાર મુખ્ય હેતુઓ, પૈકીના અર્થ સંબંધિ હેતુમાં શેનો સમાવેશ થાય છે, તે જાણવું પ્રથમ જરૂરનું છે. "અર્થ"ના પર્યાય શબ્દ તરીકે "દ્રવ્ય" શબ્દ લઇએ તો જે ભાવનાઓ મનમાં આવી શકે, અને સંસ્કૃતમાં "દ્રવ્ય"નો જે અર્થ થાય તેના કરતાં કંઇક જુદી ભાવના જો "અર્થ"નો પર્યાય શબ્દ "મીલકત" લઇએ તો, આપણા મનમાં સ્ફુરે છે પરંતુ સામાન્ય વ્યવહાર માટે બન્ને પર્યાય શબ્દને એકજ અર્થવાળા લેખીને આપણે મીલકત શબ્દ વડે હવે પછી વીચાર અને વિવેચન કરશું. મીલકતના બે વિભાગ પાડી શકાય છે.

(૧) સ્થાવર; (૨) જંગમ; અથવા બીજી રીતે નિરીક્ષણ કરતાં, બે વિભાગ પાડી શકાય છે;

(૧) જેમાંથી ઉત્પન્ન આવી શકે તેવા;

(૨) જેમાંથી કાંઇ પણ ઉત્પન્ન ન આવતું હોય તેવી; જેને અંગ્રેજીમાં "પ્રોડકટીવ" અને "અન પ્રોડકટીવ" કહેવામાં આવે છે તે સારાંશકે, અર્થ એટલે મીલ્કતની સ્થાવર મીલ્કત તથા જંગમ મીલ્કત; તથા ઉત્પન્ન આપનાર મીલ્કત તથા ઉત્પન્ન નહિ આપનાર મીલ્કત, એવા વિભાગ થઇ શકે છે; એટલે જો આ અર્થ તથા વિભાગ સંપુર્ણ રીતે સમજીને ધ્યાનમાં રાખશું તો આપણું કાર્ય આગળ ચાલતાં ઘણું સહેલું થઇ જશે, અને વિવેચનમાં લંબાણ નહિ થતાં, આપણાથી સંક્ષેપમાં ઘણું સમજી શકાશે; જેમકે, આપણે એક સિદ્ધાંત તરીકે પ્રતિપાદન કરી શકશું કે મીલ્કતમાં વધારો યા ઘટાડો, એ આપણી આર્થિક સ્થિતિની ઉન્નત અથવા અવનત દશાના પ્રમાણ રૂપ લેખી શકાય, અને જેનાથી ઉત્પન્નવાલી મીલ્કત, વધુ ઉત્પન્ન આપતી થાય, અથવા ઉત્પન્ન નહિ આપતી મીલ્કત, ઉત્પન્ન આપવા લાગે, એ આપણી આર્થિક સ્થિતિ સુધારવાના સાધનો પૈકી એક સાધન ગણાય. પરંતુ આર્થિક સ્થિતિ તપાસવામાં જો "અર્થ"નું મીલ્કત શબ્દથી વ્યવહરણ કરીએ તોપણ તેમાં બીજી ઘણી બાબતો સમાસ થયા વગરની રહે છે. મીલ્કત શબ્દજ, **બચત રકમમાંથી ઉપાર્જીત કરવામાં આવેલ** સ્થાવર અથવા જંગમ માલમત્તાનું સુચન કરે છે; પછી તે ઉપાર્જન જો વડીલો બાપદાદા વિગેરેથી થએલ હોય તો તેને આપણે 'વડીલોપાર્જીત મીલ્કત એ નામથી ઓળખીએ છઇએ, અને આપણા પોતાથી કરાયેલ હોય તો તેને સ્વોપાર્જીત નામથી ઓળખીએ છઇએ; પણ બન્નેમાં સામાન્ય લક્ષણ બચત રકમથી થએલ ઉપાર્જનનું જોવામાં આવે છે આ ઉપરાંત આપણી ચાલુ આવક અથવા કમાણીનો સમાવેશ પણ આ વિષયની ચર્ચામાં કરવો એ વાસ્તવિક છે. એટલે ચાલુ આવક અથવા કમાણી કેવી રીતે વધી શકે, તે બાબતની વિચારણા પણ જરૂરની છે.

આવક અથવા કમાણીની બાબતનો વિચાર કરવામાં, આવક અથવા કમાણી જે સાધનોથી થાય તે સાધનો શું હોઇ શકે તેનો વિચાર કરતાં ત્રણ સાધન ધ્યાનમાં આવે છે. જેને અંગ્રેજીમાં "લેન્ડ" "લેબર" અને "કેપીટલ," કહે છે; મતલબ (૧) ભૂમિ અથવા જમીનદ્વારા પ્રાપ્ત થતી, (૨) કામદાર વર્ગની મહેનતથી ઉત્પન્ન થતી, અને (૩) નાણાં અથવા દ્રવ્યના ઉપયોગથી અથવા ઉપયોગના કારણે પ્રાપ્ત થતી,—એમ ત્રણ પ્રકારની આવક

અથવા કમાણી કરી શકાય છે, એટલે આવક કરવાનાં ત્રણ સાધનો આપણું ધ્યાન મુખ્યત્વે ખેંચે છે.

આ ઉપરાંત ખાસ લક્ષમાં રાખવાનું એ છે કે, ભૂમી અથવા જમીનદ્વારાની આવક અથવા કમાણીમાં, મકાન અને તમામ પ્રકારની સ્થાવર મીલકતનો સમાવેશ કરવામાં આવેલ છે અને કામદાર વર્ગમાં શારીરિક મહેનત કરનાર તથા માનસિક મહેનત કરનાર બંનેનો સમાવેશ કરવામાં આવેલ છે. હાલના જમાનામાં ગ્રેટબ્રિટનના કામદાર વર્ગે પણ આ વ્યાખ્યા સ્વીકારી છે એટલે બુદ્ધિબળથી કામ કરનાર અને શરીર બળથી કામ કરનાર બન્ને આ વ્યાખ્યામાં આવી જાય છે.

ઉપર દર્શાવેલ વિચારોથી સ્પષ્ટ થઇ શકે છે કે અર્થમાં શેનો શેનો સમાવેશ કરવામાં આવેલ છે, એટલે આર્થિક સ્થિતિની તપાસણી કરવામાં શું શું બાબતો તપાસવા યોગ્ય થાય છે તે સમજાયું. તેથી હવે એકવાર ફરીથી પ્રતિપાદન કરવા યોગ્ય સુત્રોનું અવલોકન કરી વિવેચન આગળ ચલાવશું. તે સુત્રો નીચે પ્રમાણેનાં છે.

(૧) મીલ્કતમાં વધારો એ આર્થિક સ્થિતિની ઉન્નત દશાનું પ્રમાણ છે.

(૨) મીલકતમાં ઘટાડો એ આર્થિક સ્થિતિની અવનત દશાનું પ્રમાણ છે.

(૩) ઉત્પન્ન આપતી મીલ્કતને વધુ પ્રમાણમાં ઉત્પન્ન આપતી કરવી, (મીલ્કતની સહીસલામતી જાળવવા દરકાર રાખીને) તે આર્થિક સ્થિતિ સુધારવાનું એક સાધન છે.

(૪) ઉત્પન્ન નહિ આપતી મીલ્કતને ઉત્પન્ન આપતી કરવી, તે આર્થિક સ્થિતિ સુધારવામાં સાધનભુત થાય છે.

(૫) મીલ્કત ઉપરાંત ચાલુ આવક અથવા કમાણીનાં સાધન કેળવવા અને પ્રાપ્ત કરવાં એ આર્થિક સ્થિતિ સુધારવાનું સહાયક સાધન છે. ચાલુ આવક અથવા કમાણી જે દ્વારે થાય તેમાં ત્રણ સાધનો મુખ્ય છે.

(ક) ભૂમી અથવા જમીન જેમાં તમામ સ્થાવર મીલ્કતનો સમાસ કરવામાં આવેલ છે.

(ખ) કામદાર વર્ગની મહેનત, જેમાં શારીરિક મહેનત તથા માનસિક મહેનત અથવા બુદ્ધિબળ અને તેનો ઉપયોગ એ બન્ને બાબતનો સમાસ કરવામાં આવેલ છે.

(ગ) નાણું અથવા દ્રવ્યમાં તમામ પ્રકારની જંગમ મીલ્કત અને તે દ્વારાએ ઉત્પન્ન થતી મીલ્કત મતલબ તેના વપરાશ અને ઉપયોગથી ઉત્પન્ન થતી તમામ આવકનો સમાવેશ કરવામાં આવેલ છે.

આટલાં સૂત્રો ધ્યાનમાં રાખશું તો આર્થિક સ્થિતિ સુધારવાનાં સાધનો પરત્વે વિશેષ વિવેચનનું પ્રયોજન રહેશે નહીં. અને તે ઉપરાંત આ સૂત્રો કાંઇ અમુક જ્ઞાતિ, અથવા દેશકાળને માટેજ નિયોજાયલાં નહિ હોઇ, સર્વ દેશીય અથવા સમસ્ત સમાજની આર્થિક સ્થિતિની વિચારણા કરવામાં પણ સરખે દરજ્જેજ ઉપયોગી બનશે.

આટલું પ્રતિપાદન કરી હવે આપણે આપણી કોમની આર્થિક સ્થિતિની વિશિષ્ટ બાબત તપાસીએ.

"આપણી કોમની આર્થિક સ્થિતિ શું છે ?" નાગર જીમખાના તરફથી કરવામાં આવતી અનેક જ્ઞાતિ સેવામાં, વસ્તીપત્રક અને વસ્તી ગણત્રી અને તેની રીપોર્ટદ્વારાએ પ્રસિદ્ધિ, આપણને ઘણી માહીતિ આપે છે, પણ તેનો વિસ્તારપુર્વક ઉપયોગ કરવા કરતાં ખાસ જરૂરી હકીકતોનું ટાંચણ આપણે કરશું. જ્ઞાતિનાં કુટુંબની સંખ્યા, ભાવનગરમાં છેલ્લી ગણત્રી પ્રમાણે "૨૬૬" ઘરની છે તથા એકંદર સ્ત્રી પુરૂષની સંખ્યા "૧૫૭૫" ની છે એટલે દર કુટુમ્બ દીઠ સરેરાશ "૬"–૭ માણસોની આવે છે. પ્રત્યેક કુટુમ્બને રહેવા માટે ઘરનું ઘર છે, એમ માનીને વિચાર કરીએ તો પણ પ્રત્યેક માણસ દીઠ, પ્રતિ મહીને આઠ રૂપૈયાનો ખાધા ખોરાકી તથા લુગડાં લત્તાનો ખર્ચ થાય એમ ગણતાં દર કુટુમ્બદીઠ અડતાલીશથી પચાસ રૂપૈઆ દર મહીને ખર્ચ આવે એમ સમજાય છે.

સરેરાશ ખર્ચની ગણત્રી સાથે, સરેરાશ ગણત્રી આવકની થવી જોઇએ; એટલે આર્થિક સ્થિતિ સહજ ખ્યાલમાં આવી શકે. આપણી જ્ઞાતિમાં કમાણી કરનાર ગૃહસ્થોની સંખ્યા '૩૪૪' ની છે, એમ રીપોર્ટ તપાસતાં લાગે છે. એટલે દર કુટુંબ દીઠ કમાણી કરનારની સંખ્યા સુમારે દોઢની આવે છે. અને તેમાં પણ '૩૪૪' કુલ કમાણી કરનારામાં '૧૮૮' કમાનારાની આવક પગાર રૂપે પચાશ રૂપીઆની નીચે છે. એટલે દર કુટુમ્બદીઠ દોઢ કમાનારની સરેરાશે આપણી જ્ઞાતિનાં '૧૨૨' કુટુમ્બોની માસિક કમાણી પચાસ રૂપૈઆથી નીચેની છે; જ્યારે સરેરાશ ખર્ચ, આપણે જોયું તેમ, પચાશ રૂપૈઆને સુમારે આવે છે; તો આટલાં કુટુમ્બો શી રીતે નિર્વાહ

ચલાવતાં હશે એ પ્રશ્ન વિચારવા યોગ્ય હોઈ, તેના બે ખુલાસા મળી શકે છે કે, કાંતો તેઓ પોતાનો નિર્વાહ અગાઉ સંપાદિત કરેલ મીલ્કત ઉપર કરતાં હોવાં જોઇએ, અથવા નિર્વાહ કરવા માટે તેમને પૈસાની મદદ લેવી પડતી હોવી જોઇએ. અથવા તેમને કરજે, પૈસા લેવા પડતા હોવા જોઇએ, એટલે આ કુટુંબોને કેળવણી, દવા વિગેરે જરૂરી ખર્ચમાં પણ અણુઘટતી કરકસર કરવી પડતી હોવી જોઇએ. આ ગણત્રીએ જ્ઞાતિનાં સેંકડે '૪૬' ટકા જેટલાં કુટુમ્બોને ગરીબ કુટુંમ્બો કહી શકાય.

આ ઉપરાંત બીજું લક્ષમાં રાખવાનું એ છે કે, પચાશથી એક સો રૂપૈઆ સુધીની માસિક આવકવાળાં કુટુંબની સ્થિતિ માત્ર ઉપજ ખર્ચનાં બન્ને પાસાં સરખાં લાવી મુકવા પૂરતીજ કહી શકાય; **એટલે જ્ઞાતિની ઉછરતી પ્રજાને વધુ નહી તો માત્ર પચાસથી એક સો રૂપૈઆ સુધીની માસિક કમાણી, પ્રત્યેક કુટુમ્બ દીઠ કરી શકે તેવી બનાવવી એ સૌ જ્ઞાતિજનની પ્રથમ ફરજ છે.** પ્રથમ કર્તવ્ય અથવા 'ફરજ' શબ્દ, સહેતુક વપરાએલ છે. કારણ કે પરોપકાર કરવાની વૃત્તિ બાજુપર રાખી અથવા જ્ઞાતિજન અરસપરસ સહાય કરવા ધર્મ ભાવનાથી બંધાએલ છે, તે વિચારો દૂર રાખો માત્ર પોતાનો સ્વાર્થ અને હિત તથા સેવાની વૃત્તિ રાખીએ; તોપણ આટલું તો સ્વિકાર્યા વગર ચાલશે નહિ કે જ્યાં સુધી આપણું વર્તન, વ્યવહારમાં એવું જોવામાં આવે છે કે, આપણા છોકરા અને છોકરીઓને સ્વજ્ઞાતિમાંજ સંબંધ બાંધી પરણાવવા પછી આપણા વિચારો સુધારાના ઉંચામાં ઉંચા શિખરો ઉપર આરૂઢ થએલા હોય તોપણ,--જ્યાં સુધી વર્તન અને વ્યવહાર એવો જોવામાં આવે છે ત્યાં સુધી, આપણા પોતાના સુખ વાસ્તે તેમજ આપણા છોકરા તથા છોકરીઓના સુખને વાસ્તે આવા પ્રયાસ કરવા આવશ્યક છે. એટલે એ પ્રમાણે ઉછરતી પ્રજાને વધુ કમાણી કરી શકે તેવી બનાવવી એ સૌની ફરજજ લેખી શકાય છે; સારાંશકે તેમાં ધનવાન સ્થિતિવાળા, મધ્યમ સ્થતિવાળા, અને ગરીબ સ્થિતિવાળા સૌનું હિત એકસરખું સમાએલ છે. આટલા વિવેચન ઉપરથી પ્રતિત થયું હશે કે, આર્થિક સ્થિતિ સુધારવાનાં સાંધનોમાં, આપણી માસિક કમાણી, પ્રત્યેક કુટુંબ દીઠ, ઓછામાં ઓછી પચાસ અને એકસો રૂપૈઆ વચ્ચેની બનાવવા અવશ્ય પ્રયાસ થવો જોઇએ.

એવો પ્રયાસ કરવાથી પણ માત્ર એટલોજ હેતુ સીદ્ધ થશે કે ઉપજ ખર્ચના બન્ને પાસાં સરખાં થઇ શકશે, પરંતુ હાલ તો આપણે જોયું તેમ કેટલાંક કુટુમ્બોની સ્થિતિ ચાલુ ખર્ચ નિભાવવા પુરતી પણ નથી, જ્યારે ઘણાં કુટુમ્બોની સ્થિતિ ચાલુ ખર્ચ મુશ્કેલીથી નિભાવવા પુરતી છે. પણ તેમને નિત્ય ખર્ચનો બોજો વહન કર્યા બાદ, પ્રાસંગિક અથવા નૈમિત્તિક ખર્ચ—જેમકે વિવાહ, ઉત્તર ક્રિયા, અગર કેળવણી, મંદવાડ અથવા બીજા પ્રકારનો ખર્ચ આવતાં, તે ખર્ચને પહોંચી વળવાની મુશ્કેલીઓ ઉભી થાય છે; અને તેવા પ્રસંગે તેમને કાંતો ઉપર લખ્યા મુજબ અગાઉ સંપાદન થઇ ગયેલ હોય તેવી મીલકતનો વ્યય કરવાની જરૂર પડે છે, અથવા કરજ કરવું પડે છે. અને તે હકીકતની સાબીતી જ્ઞાતિ હિતાર્થ ફંડમાં કેળવણી માટે જે રકમ રાખવામાં આવેલ છે તે પુરેપુરી ખર્ચાઇ જાય છે, તે ઉપરથી પણ મળી શકે છે, એટલુંજ નહીં પણ હમણાના ફંડના રીપોર્ટ ઉપરથી જોવામાં આવે છે કે આ રકમ પણ આપણી જરૂરીયાત માટે પુરતી નથી. મતલબ કે ઘણાં કુટુંબોની સ્થિતિ આ પ્રમાણે દિન પ્રતિદિન ઘસાઇ જતી જોવામાં આવે છે.

આ તો માત્ર નિત્ય અને નૈમિતિક, અથવા પ્રાસંગિક ખર્ચને અંગે આપણા ઘણાં કુટુમ્બોની સ્થિતિ ઘસાતી જતી હોવી જોઇએ એટલું પ્રતીત થયું; પણ તે શિવાય, બીજાં ઘણાં આકસ્મિક કારણો પણ, કેટલાંક કુટુમ્બોની આર્થિક સ્થિતિ નબળી પાડવાનાં કારણભૂત બનેછે, જેમાં વેપાર વણજમાં ખોટ, ધીરધારમાં લાગતો ઘસારો, વીગેરે મુખ્ય ભાગ બજાવે છે. મતલબ ધનરાશિના ઉષ્ણતામાપક યંત્રમાં ધનરૂપી ગરમી ઓછી થવા લાગવાથી દિન પ્રતિ દિન પારો નીચે જતો જાય છે, અને તેને પરિણામે વિવિધ મુશ્કેલીઓ આપણને પ્રત્યક્ષ અનુભવવી પડે છે; સારાંશ કે જ્ઞાતિનાં ઘણાં કુટુમ્બોમાંથી પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે સ્થાવર અને જંગમ, બંને પ્રકારની મીલ્કત ઓછી થઇ છે અને હજી પણ ઓછી થતી જાય છે. જે બાબતની પુષ્ટી આપણામાંથી ઘરનાઘરની માલીકીવાળાં કુટુંબો ઓછાં થતાં જાય છે તે ઉપરથી પણ મળે છે.

ધંધા, ઉદ્યમ, વેપાર વણજ અને ધીરધારમાં ખોટ લાગવા ઉપરાંત કમાણી ઘટવાનું એક કારણ, નોકરી કરવાનો અગાઉ જે આપણો મુખ્ય પેશો હતો અને તે મેળવવામાં જે સરલતા હતી, તે હાલમાં ઓછી થએલ

છે તે પણ ગણત્રીમાં લેવાવું જોઇએ એટલે એક દીશામાં બંધ થએલ માર્ગને લીધે બીજી દીશામાં પ્રયાસ કરવા આવશ્યક બનેછે; અને તેથી કરી ધંધા-ઉદ્યમ સર થવામાં અથવા નોકરીએ લાગવામાં આપણી ઉછ-રતી પ્રજાને સહાય અને સરળતા મળે તેવી યોજનાઓ કરવી તે, આર્થિક સ્થિતિ સુધારવાના સાધનો નક્કી કરવામાં ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે.

ઉપર દર્શાવેલ વિચારોમાં સરેરાશે દર કુટુમ્બ દીઠ '૬' માણુસની ગણત્રીએ માથા દીઠ આઠ રૂપૈઆનો ખર્ચ ગણેલ છે. તે તો માત્ર ભાવ-નગર તળપદને માટેનીજ ગણત્રી કરવામાં આવે છે. પણ ભાવનગરની બ્હાર નિર્વાહ અર્થે આપણાંમાંથી ઘણાઓને દૂર દેશાવરમાં રહેવું પડતું હોવાથી ત્યાંના ઘરભાડા વિગેરેનો અને, તેઓમાંથી ઘણાઓને એક કરતાં વિશેષ જગ્યાએ ખર્ચ રાખવો પડતો હોવાથી તેમને અને ખાસ કરી મુંબઇ જેવાં મોટાં શહેરમાં રહેનારાઓને તો, માથા દીઠ ખર્ચની સરેરાશ વધુજ આવે એ સ્વતઃ સમજાય તેવું છે, કારણ કે ત્યાં ઘરભાડાં તથા મોંઘવારીની મુસ્કેલી વધુ છે. એટલે તે હકીકત ઉપર ખાસ વિવેચન કરવાની જરૂરી-યાત રહેતી નથી; પણ આ પ્રમાણે વધુ ખર્ચ લાગે એ મુસ્કેલી દૂર કરવી તે વિશેષ આવશ્યક બને છે.

ગરીબ અને મધ્યમ સ્થિતિવાળાં કુટુંમ્બો પરત્વે આટલું અવલોકન કર્યા બાદ, સારી સ્થિતિવાળાં કુટુંમ્બો સંબંધે વિચાર કરવો યોગ્ય ગણાય; તે બાબતમાં વરિતપત્રકના રીપોર્ટમાં એકસો રૂપૈયા ઉપરની માસિક કમાણી કરવાવાળાની સંખ્યા '૪૨' ની લખેલ છે. આ તો માસિક પગારદાર તથા પેન્શનરની સંખ્યા થઇ તે શિવાય ગરાસદાર, તેમજ ઉપાર્જીત મીલ્કતનું વ્યાજ વિગેરે મેળવનાર તથા ખાનગી કમાણી કરનારાને ધ્યાનમાં લઇએ તો આ સંખ્યામાં વધારો થાય; એટલે સુમારે '૨૮' થી '૩૦' કુટુંમ્બની સ્થિતિ સારી ગણી શકાય; એટલે અંદાજ '૧૧' ટકાનો આવે. આ કુટુંબો પોતાના નિત્ય, નૈમિત્તિક ખર્ચને પહોંચી શકવા ઉપરાંત, ધારે તો જ્ઞાતિહિતનાં કાર્યોમાં મધ્યમ સ્થિતિવાળાં કુટુંમ્બોની સાથે રહી, સારો ભાગ લઇ શકે. એટલે એકંદર વિચાર કરતાં, હજુ આપણે સૌ સાથે મળી એકદીલ અને સંપથી પ્રયાસ કરીએ તો આપણી જ્ઞાતિની આર્થિક સ્થિતિ સુધારી શકીએ એમ લાગે છે. આ સાથે આટલું લખવું પણ પ્રાપ્ત થાય છે કે જેમ સૌએ સાથે મળી પ્રયત્ન કરવાની જરૂર છે તેમ

જ્ઞાતિમાં દરેક કુટુંબે અને દરેક વ્યક્તિએ પોતાથકી સતત પ્રયત્ન કરી સ્વાશ્રયી બનીને પોતાની સ્થિતિ સુધારવા માટે ઉગ્ર પ્રયાસ કરવા જોઇએ, કારણ કે ઉન્નતિનું શ્રેષ્ટ સાધન સ્વાશ્રયજ છે, બાહ્ય સહાય માત્ર ઉપ-કારકજ હોઇ શકે.

કદાચ પ્રશ્ન થશે કે આપણે સૌએ સાથે મળી શા માટે આર્થિક સ્થિતિ સુધારવા પ્રયત્ન કરવો ! જેમના મનમાં આર્થિક સ્થિતિ સુધારવાની અગત્યતા લાગતી હોય, જેઓની આર્થિક સ્થિતિ નબળી હોય તેઓને પોતાની મેળે આર્થિક સ્થિતિ સુધારવા પ્રયત્ન કરવા દયો; બીજાને તેમાં શા માટે તકલીફ આપવી વિગેરે પ્રશ્નો સહજ મનમાં સ્ફુરે તેવા છે. પરંતુ આવા પ્રશ્નો સ્ફુરે ત્યારે તેના સમાધાન ખાતર એટલું ધ્યાનમાં રાખવાનું છે કે આપણે આપણું જીવન, કાંઇ સ્વતંત્ર, છુટી છવાઇ વ્યક્તી તરીકે એકલું, બીજાઓથી અલગ રીતે ગાળતા નથી, અને હવે પછી પણ ગાળી શકશું નહીં, આપણે આપણું જીવન સમાજની અંદર રહી ગાળવું પડે છે, જ્ઞાતિ સંસ્થાના હિમાયતી આપણે ન હોઇએ તોપણ ઉપર દર્શાવી ગયા છીએ, તેમ વિચારો ગમે તે શ્રેણીમાં વહન કરતા હોય છતાં વર્તનમાં સારા અથવા માઠા પ્રસંગે સગાં સંબંધિ અને જ્ઞાતિજનો ઉપર આધાર રાખવો પડે છે, અને તેમની સંફમાં રહી ચાલવું પડે છે. મતલબ તેવા પ્રસંગે અન્ય જ્ઞાતિની અથવા વર્ણની વ્યકતીઓના વ્યવહારનું અનુકરણ કરવાનું બની શકતું નથી; તેમની સંફમાં રહી વ્યવહાર વર્તન થઇ શકતું નથી, એટલે જ્યાં સુધી આપણે જ્ઞાતિ સંસ્થામાં રહી આપણે વ્યવહાર ચલાવવો પડે છે, ત્યાંસુધી તો એ સંસ્થામાં બનતી સુધારણા કરવી, એ આપણું કર્તવ્ય છે. કારણકે જે સમાજમાં આપણે રહેવું પડે છે તે સમસ્ત સમાજની સારી યા માઠી સ્થિતિની અસર સીધી યા આડકતરી રીતે પણ આપણી ઉપર થયા વગર રહેતી નથી; સારાંશ કે સમસ્ત જ્ઞાતિનું ગૌરવ અથવા પ્રતિષ્ટા વધે તેમાં આપણે અંશ ભાગી થઇએ છીએ અને જ્ઞાતિનું ગૌરવ અને પ્રતિષ્ટા તે જ્ઞાતિની વ્યકિતઓના ગૌરવ અને પ્રતિષ્ટાથી બનતો એક સમૂહ છે. અને તેથીજ સાધારણ વ્યવહારમાં આપણે મનાતું જોઇએ છીએ કે, જ્ઞાતિની અમુક વ્યકિતએ કાંઇ ખરાબ કામ કર્યું હોય તો આપણે પોતે એમ કહીએ છીએ કે, બીજાઓને આપણે માટે–નાગરો માટે, કેવો ખરાબ ખ્યાલ

આવશે? અને જો કોઇ વ્યકિતએ સારૂં કામ કર્યું હોય, અગર સારો અધિકાર પ્રાપ્ત કર્યો હોય તો, આપણે કહીએ છીએ કે, તેમાં આપણને પણ અભિમાન લેવાનું કારણ છે. મતલબ આ દ્રષ્ટિથી વિચારતાં પણ, આપણાથી બનતો પ્રયત્ન કરી આપણી જ્ઞાતિની તમામ વ્યક્તિઓની સ્થિતિ સુધારવા માટે, આપણે સતત મનન કરવું જોઇયે અને માત્ર મનન કરી બેસી રહેવું એટલુંજ નહી, પણ, એ સ્થિતિ સુધારવા નિરંતર પ્રયત્નશીલ થવું જોઇએ એટલે આ બાબતમાં સાધારણ અને ગરીબ સ્થિતિના ગૃહસ્થો, ધનવાન ગૃહસ્થો ઉપર આ બોજો નાખી દે, અને ધનવાન ગૃહસ્થો તેનો ભાર સાધારણ અને ગરીબ સ્થિતિના ગૃહસ્થો ઉપર પાછો ફેંકે, અથવા બુદ્ધિ શક્તિવાળા ગૃહસ્થો બીજાને દોષ દે, અને બીજાઓ બુદ્ધિ શક્તિવાળા ગૃહસ્થોને દોષ દે; અથવા અગ્રણીઓ અનુયાયીઓની ખામી બતાવે, અને અનુયાયીઓ, અગ્રણીઓમાં કર્તવ્ય બુદ્ધિની ન્યૂનતાનું આરોપણ કરે, તેથી દોષથી મુકત થયા ગણી, સંતોષ માની લેવાનો નથી: કારણ કે આ પ્રમાણે કરવાથી કાંઈ આપણી સ્થિતિ સુધરે નહિં અને જ્યારે કર્તવ્યપરાયણ વ્યક્તિઓ પોતે ખંતથી મહેનત કરી, સૌની સાથે મળી એક દીલથી અને એક સંપથી, કાર્ય કરવા સમજાવે, અને કાર્ય શરૂ કરાવે, એટલુંજ નહિં, પણ ધારેલ હેતુ પાર પાડવા માટે પણ તત્પરતા રાખે, ત્યારેજ આપણી સ્થિતિ સુધરી શકશે; અને તે પણ સતત પ્રયાસને અંતે છુટાછવાયા પ્રયત્નોથી નહીં.

આટલું અવલોકન કર્યા બાદ આપણી કોમની આર્થિક સ્થિતિની વિચારણામાં લખેલ બાબતોમાંથી સ્મરણમાં રાખવા લાયક ખાસ બાબતોની ફરીથી નોંધ લઇએ; તો તે નીચે મુજબ સંક્ષેપમાં મુકી શકાય:—

(૧) જ્ઞાતિના ઘણા કુટુંબોની સ્થિતિ નબળી પડતી જાય છે.

(૨) જ્ઞાતિની વસ્તિ ગણત્રી ઉપરથી જોતાં ઓછામાં ઓછો દરેક કુટુંબ દીઠ ખર્ચ પ્રત્યેક માસે સુમારે પચાસ રૂપીયાનો થતો હોવો જોઇએ.

(૩) આ ખર્ચને પહોંચી ન શકે તેવી સેંકડે છેંતાળીશ (૪૬) ટકા કુટુંબોની સ્થિતિ છે: અને સેંકડે ત્રેંતાળીશ (૪૩) ટકા કુટુંબોની આવક-જાવકનાં બન્ને પાસાં સમતોલ માત્ર ચાલુ ખર્ચને સંબંધે નાણવાપુરતી છે.

(૪) સેંકડે અગીઆર (૧૧) ટકા કુટુંબોની પૈસેટકે સારી સ્થિતિ છે અને જ્ઞાતિની આ આર્થિક સ્થિતિ સુધારવી એ તેમનું કર્તવ્ય છે.

(૫) સૌ સાથે મળી પ્રયત્ન કરે તો આર્થિક સ્થિતિ હજી પણ સુધારી શકાય તેમ છે.

(૬) તથા આર્થિક સ્થિતિ સુધારવાના સાધનો પરત્વે વિચારતાં દરેક કુટુંબની માસિક આવક ખર્ચને પહોંચી વળવા માટે ઓછામાંઓછી પચાસથી એક સો રૂપીયા સુધીની બનાવવા પ્રયાસ થવો જોઇએ. તથા તે પ્રમાણે આવક કરવા માટે ધંધા ઉદ્યમસર થવામાં તેમજ નોકરી મેળવવાની કે સરળતા પ્રાપ્ત કરવામાં સાહ્યય મળે તેવી યોજનાઓ યોજાવી જોઇએ, એમ લાગે છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણે માસીક આવક પ્રત્યેક કુટુંબની શી રીતે થાય અને આપણે ધંધા ઉદ્યમસર થવામાં અને નોકરી મેળવવામાં સરળતા થાય તે માટે કેવી યોજનાઓ થવી જોઇએ તે બાબત ઉપર આપણું ધ્યાન હવે દોરાય તે સ્વાભાવિક છે. આ બાબત ચર્ચવામાં મતભેદ થવાનો પ્રસંગ રહેજ; કારણ કે આર્થિક સ્થિતિ સુધારવાનાં સાધનો સંબંધે વિચાર કરવાનો હોય, અને તેમાં ભવિષ્યમાં શું કરવાથી લાભ થશે એ વિષયમાં ખસુસ પસંદગી કરવી જોઇએ; ત્યારે **भिन्नरुचिर्हिलोक**: જુદા જુદા માણસોની જુદી જુદી રૂચિ, એ સૂત્ર, પ્રમાણે રૂચિની ભિન્નતાને અંગે મતભેદ રહેવાનોજ; એટલે જે કાંઇ ન્યૂનતા આ વિષયની ચર્ચામાં લાગે તે ઉપલાં કારણને લઇને એમ ગણવા વિનંતિ છે; આટલું આરંભ રૂપે કહી આપણી આર્થિક સ્થિતિ સુધારવાનાં સાધનો સંબંધે વિચારણા આરંભશું.

"આપણી કોમની આર્થિક સ્થિતિ સુધારવાનાં સાધનો."

આપણે ઉપર દર્શાવી ગયા છીએ કે કામદાર વર્ગમાં શારીરિક મહેનત કરનાર, અને માનસિક મહેનત કરનાર, મતલબ બુદ્ધિબળનો ઉપયોગ કરનાર બન્ને વર્ગનો સમાવેશ કરવો યોગ્ય છે. કામદાર વર્ગની શકિતને ખીલવવી એ આર્થિક સ્થિતિ સુધારવામાં મુખ્ય સાધનભૂત થાયછે. શરીર શકિત અને બુદ્ધિ શક્તિ બન્નેની ખીલવટ કરવાની રહે છે; કારણકે અર્થશાસ્ત્રનાં સિદ્ધાંત અનુસાર જે વસ્તુની કીમ્મત બેસે તે 'ધન' ગણાય છે, તે ભાવનાને સહેજ લંબાવતાં કામદાર વર્ગની શારીરીક અને માનસિક મહેનત પણ, પુંજી અથવા મીલ્કત રૂપે ગણી શકાય, એટલે એ શકિત ખીલવવાથી અર્થ પ્રાપ્તિમાં વધારો થાય છે અને તેના પરિણામે આર્થિક

સ્થિતિ સુધરે એ દેખીતું છે. તેમજ આપણું નૈતિક બળ વધારવાથી અને ધાર્મિક જીવન ઉચ્ચ કરવાથી પણ આર્થિક સ્થિતિ વિશેષ દરજ્જે સારી થાય. એટલે એ શકિતઓની ખીલવટ તેટલે દરજ્જે જરૂરી છે. શરીર શકિત અને બુદ્ધિ શકિત સુધારવાનું મુખ્ય સાધન કેળવણી છે; કારણ કે શરીર સુધારવામાં પણ નિયમિત કસરત કરવાની તાલીમ લેવી પડે છે અને શરીર સુખાકારીના સામાન્ય નિયમો જાણવામાં આવે તો વધુ લાભ થાય. તેમ બુદ્ધિ શકિત કેળવવામાં પણ કેળવણી મુખ્ય ભાગ બજાવેછે. માત્ર કેળવણી કેવા પ્રકારની અપાવી જોઇએ તેજ વિચારવાનું રહે છે. કેળવણી વિષે વિચારતાં તેને લગતા એટલા બધા પ્રશ્નો ઉપસ્થિત થાય છે કે તેનું સવિસ્તર વિવેચન કરીએ તો આ લેખ વિસ્તૃત થઇ જાય; તેમ બીજી તરફથી એ પ્રશ્નો વિચાર્યા વગરનાજ રહેવા દઇએ તો, આર્થિક સ્થિતિ સુધારવા માટેના બધા વિચારો ચર્ચવાની ધારેલી નેમ સિદ્ધ થયા વગરની રહે, તેથી આ વિષય ચર્ચવામાં મુશ્કેલી આવી પડે છે. પરંતુ એટલું તો આપણે ભાર મૂકીને કહી શકીએ કે પ્રત્યેક નાગર યુવાનને કેળવણી એવી પ્રકારની મળવી જોઇએ કે તેની માસિક કમાણી ઓછામાં ઓછી પચાસ રૂપૈઆની નીચે હોવી જોઇએ નહિ. કારણ કે એટલો માસિક ખર્ચ પ્રત્યેક કુટુંબનો સરેરાશે આવે છે, એમ આંકડા ઉપરથી પ્રત્યક્ષ થયું છે.

હાલના સમયમાં, ઉચ્ચ કેળવણી લેનારને, ઘણે ભાગે એટલું માસિક વેતન શરૂઆતમાં મળે છે પરંતુ તેથી સૌએ 'ગ્રેજ્યુએટ' થવું એવો લખવાનો આશય નથી; માત્ર બરાબર આપણા ધ્યાનમાં કેવા પ્રકારની કેળવણીની જરૂરીયાત છે, તેટલા માટેજ પચાસ રૂપૈઆની માસિક કમાણી કેટલી મુસ્કેલીએ થઇ શકે છે તે બતાવેલ છે.

કેળવણીમાં સ્ત્રી કેળવણી અને પુરૂષ વર્ગની કેળવણી બંનેનો સમાવેશ કરવો યોગ્ય છે. કેળવણીની વિધવિધ શાખાઓ પરત્વે બોલતાં અનેક શાખાઓ દ્રશ્યમાન થાય છે, પરંતુ આપણે તો માત્ર પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચ કેળવણી વિષે વિચાર કરશું તથા ધંધા અને ઉદ્યમને અંગે લેવી પડતી ખાસ કેળવણીનો, વેપારને લગતી કેળવણીનો, જુદી જુદી કળા કૌશલ્યને લગતી કેળવણીનો તેમજ ટાઇપ રાઇટીંગ, શૉર્ટ હેન્ડ, બુક-કીપીંગ, એકાઉન્ટન્સી, ઓડીટીંગ, અને ખેતીવાડીને લગતી કેળવણી, ઇજનેરી કામ અને ટેકનીકલ કેળવણીનો વિચાર

કરશું. આ શિવાય ખાણોના વિષયનું જ્ઞાન જુરતર વિદ્યાને લગતું જ્ઞાન રસાયણ પદાર્થને લગતું જ્ઞાન, પ્રાચિન શોધખોળને માટે લાયક થવાનું જ્ઞાન, વિજ્ઞાનિક વિષયને લગતું જ્ઞાન તેમજ બીજી અનેક શાખાઓનાં માત્ર નામ લખવા માગીએ તોપણ લાંબી યાદી બનાવી શકાય, પરંતુ કાંઇ નામ ગણાવી જવાથી વધુ ફાયદો થાય નહિ, લખવાની મતલબ એટલી કે કેળવણીનું ક્ષેત્ર વિશાળ છે. અને વિદ્યાર્થીની અભિરૂચી પ્રમાણે પસંદગી કરી, વિદ્યાભ્યાસ કરાવાય તો ગમે તે એક શાખામાં કેળવણી લે, તોપણ તેની કમાણી સારી થવાની, તેથી બનતાં સુધી દરેક નાગર યુવકને, એક અથવા બીજી શાખામાં સારી કેળવણી આપવી, એ આપણો મુખ્ય ધર્મ છે. દરેક જણુ કાંઇ ઉચ્ચ કેળવણી લઇ શકે નહિં, કારણકે, સૌને અભિરૂચી સરખી ન હોય તે સ્વાભાવિક છે. પણ બનતાં સુધી માધ્યમિક કેળવણી દરેકની પૂરી થવી જોઇએ, અને ત્યારબાદ, જુદી જુદી લાઇનમાં—શાખાઓમાં જવામાં મનના વલણ પ્રમાણે ઉચ્ચ કેળવણી એટલે કાલેજોમાં અપાતી કેળવણી લેવામાં અગર જેઓથી તેમ બની શકે તેમ ન હોય તેમણે ઉપર દર્શાવેલ, અથવા બીજી ગમે તે શાખામાં કેળવણી લઇ લાયકાત મેળવવામાં ખાસ પ્રયત્નશીલ રહેવું જોઇએ, જેથી ભાગ્યવશાત્ નોકરી ન મળે કે મળેલ નોકરી છોડવાનો પ્રસંગ આવે તો પણ મુંઝવણ થાય નહિં, અને તે માટે જ્ઞાતિહિતાર્થે ફંડમાં તેમજ વિદ્યોત્તેજક ફંડમાં વધારો કરવાની વિશેષ જરૂરિયાત જોવામાં આવે છે. આજનો જમાનોજ એવો છે કે તેમાં અશિક્ષિત કામદાર વર્ગ કરતાં શિક્ષિત કામદાર વર્ગને વધુ લાભ અંતે મળવાનોજ એ નિઃસંશય છે. શરૂઆતમાં મુસ્કેલી નડેજ પરંતુ શિક્ષિત વર્ગને છેવટે એ મુસ્કેલી પાર ઉતારવામાં સરળતા મળે છે અને એક જગ્યાએથી નોકરી છોડવાનો પ્રસંગ આવ્યે બીજી જગ્યાએ પ્રમાણુમાં સ્હેલાઇથી નોકરી મળી શકે છે, તેથી સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે કેળવણીનો પ્રસાર કરવો, અને બનતાં સુધી દરેક યુવકને ખાસ લાયકાત ધરાવી શકે તેવી કેળવણી આપવી તે આર્થિક સ્થિતિ સુધારવાનું મુખ્ય સાધન છે. એટલે આપણી જ્ઞાતિનો એક પણ યુવાન સાધનના અભાવે અથવા તેવાં બીજાં કોઈ કારણે કેળવણી લીધા વગરનો ન રહે તે જોવા ઉપર દરેક જ્ઞાતિહિતચિંતકનું લક્ષ હોવું જોઇએ. આતો માત્ર હિંદુસ્તાનમાંજ રહી જે કેળવણીમા લઇ શકાય તેને

માટે લખાયું. હિંદુસ્તાન બહાર ઈંગ્લાંડ, અમેરિકા, જાપાન, જરમનિ જેવા કેળવણીમાં ખાસ આગળ વધેલા મુલકોમાં જઇ, આપણા યુવકો વિદ્યાભ્યાસ કરી, વિશિષ્ટ, લાયકાત મેળવી શકે તે કેળવણી માટે શું કરવું, એ પણ વિચારવા યોગ્ય થાય છે. આ વિષયની વિચારણા કદાચ વિવાદગ્રસ્ત બને; અને આ લેખનો વસ્તુ વિષય કાંઇ બીજો હોત તો, તે સંબંધે, લખવું કે નહિ, તેમાં શંકાને સ્થાન મળ્યું હોત; પરંતુ જ્યારે, વસ્તુ વિષયમાંજ '**આર્થિક સ્થિતિ સુધારવાનાં સાધનો**' પરત્વે લેખ લખવાનું સુચન કરવામાં આવેલ છે, ત્યારે, આવી અગત્યની બાબત વિચાર્યા વગરની રહેવા દઇએ તો, એ વિષયને પૂરતો ન્યાય આપ્યો કહેવાય નહિં. તેથી આવી વિશિષ્ટ કેળવણી આપણા યુવકોમાંથી ખાસ અભિરૂચી ધરાવનાર દરેક યુવકને અપાવવી જોઇએ એ આવશ્યક લાગે છે; કારણ કે તેવી કેળવણી સંપાદન કરેલ ગૃહસ્થો જ્ઞાતિની આર્થિક સ્થિતિ સુધારવામાં ઘણે દરજ્જે ઉપયોગી નીવડશે એમ આશા રાખી શકાય.

પુરૂષ વર્ગને કેળવણી આપવી તે સાથે સ્ત્રી વર્ગને કેળવણી આપવી તે જરૂરનું છે. આપણી જ્ઞાતિમાં સુમારે સેંકડે નવાણું ટકા સ્ત્રીઓ લખતાં વાંચતાં જાણે છે તેથી તેઓ અજ્ઞાન નથી એમ તો કહી શકાય, પરંતુ તેટલાથી સંતોષ લેવાનું કારણ નથી. સંસ્કૃત અને અંગ્રેજી જ્ઞાન પણ વિશેષ દરજ્જે તેમને અપાવું જોઇએ. તે શિવાય હાલ તુરત ઉચ્ચ કેળવણી આપવામાં ભલે પ્રયાસ ન થાય, પરંતુ આપણા ગૃહસંસારમાં ઉપયોગી નીવડે અને આપણા જીવનને રસમય બનાવે અને પોતાની પ્રજાનું ભવિષ્યનું જીવન ઉજ્જવલ અને ઉચ્ચાશયી બનાવે તેવું શિક્ષણ તો તેમને મળવું જોઇએ. અલબત્ત **સ્ત્રીઓને કમાવા જવાની જરૂર નથી, પણ તેથી એમ સાબીત થતું નથી કે તેમને કેળવણીની જરૂર નથી.** ભરત, ગુંથણકામ, અને શીવવાનું જ્ઞાન તેમને માટે અને તેમના કુટુંબીઓ માટે ઘણું ઉપયોગી નીવડવા સંભવ છે અને તેથી એ બાબતમાં થતો ખર્ચ ઓછો થઇ આડકતરી રીતે આર્થિક સ્થિતિ સુધારવામાં પણ આ બાબતનું જ્ઞાન સાધન ભૂત થશે. આ શીવાય બાળકોની ઉછેરણી અને કેળવણી, ઘરવૈદું, માંદાંની માવજત, ગૃહસંસાર કરકસરથી ચલાવવાની પદ્ધતિ, રાંધણ કળા વિગેરે બાબતોમાં પણ શિક્ષણ આપવા આ યોજનાઓ થવી જોઇએ, કારણ કે આ બાબતના જ્ઞાનથી

સીધી અને આડકતરી બંને રીતે, ખર્ચમાં ઉગારો થઈ શકે છે. અને ખર્ચનો ઉગારો તે આર્થિક સ્થિતિ સુધારવાનું એક સાધન છે. વસ્તિપત્રકના રીપોર્ટમાં આપણી જ્ઞાતિના કુલ પુરૂષોની સંખ્યા '૮૭૧' ની આપવામાં આવી છે તેમાં '૭૪૪' પુરૂષો કેળવણી લેવા લાયકની ઉમ્મરના દર્શાવ્યા છે. તેમાંથી વસ્તિપત્રકવાળા વર્ષમાં '૫૯' ગ્રેજ્યુએટસ છે. '૨૩' અને રા. રા. અમુલખરાય કલ્યાણરાય ઓઝા જેમનું નામ સુરટીફીકેટ અને ડીપ્લોમા હોલ્ડર્સમાં લખવાનું રહી ગયું હતું, તેમને ઉમેરતાં '૨૪' ની સંખ્યા સરટીફીકેટ ધરાવનારાની છે. મતલબ '૫૯' તથા '૨૪' મળી કુલ '૮૩' ગ્રહસ્થોએ લાયકાત ધરાવનારી કેળવણી લઇ તે માટેની પરિક્ષાઓ પસાર કરેલ છે એટલે સેંકડે '૧૧' ટકા, આવી કેળવણી લેનારની સંખ્યા થાય છે, તે પુરતી સંતોષકારક ન ગણાય; તેથી હવે આ દિશામાં પ્રગતિ કરવા માટે ખાસ પ્રયાસ કરવા આવશ્યક છે.

આવા પ્રયાસ કોણ કરે ? એ પ્રશ્ન વિચારવા જેવો થાય છે. આપણે ત્યાં નાગર જીમખાના જેવી સંસ્થા છે તેણે આ દિશામાં પ્રવૃત્તિ કરાવવા, બહુ સચોટ મથન કરવું જોઇએ. આ પ્રયાસમાં બની શકયા પ્રમાણે ટાઇપ રાઇટીંગ, શોર્ટહેંડ, બુકકીપીંગ એકાઉન્ટંસી વિગેરેના શિક્ષણ માટે વર્ગ ઉઘાડવાની જરૂર છે. પણ તે સંબંધમાં પ્રયાસ કરવા શકય ન હોય તો પણ એક બાબતમાં ખસુસ પ્રયાસ કરવાની જરૂર છે નાગર જીમખાનાએ શિક્ષણને લગતી જુદી જુદી શાખાઓની, લાઇનોની, માહીતિ એકઠી કરવી જોઇએ, જેથી દરેકમાં શીક્ષણક્રમ કેવો છે, કેટલાં વર્ષ વિદ્યાભ્યાસ કરવામાં ગાળવાં પડે છે તેમાં ખર્ચ કેટલો લાગે અને વિદ્યાભ્યાસ થઇ રહ્યા બાદ તે વિષયમાં કેળવાયેલાઓને નોકરી મેળવવામાં અથવા ધંધા ઉદ્યમસર થવામાં સરળતા કેવી છે, કયાં રહી વિદ્યાભ્યાસ કરવો પડે છે, વિગેરે બાબતોનું સવિસ્તર વર્ણન તૈયાર થઇ શકે, અને આપણા યુવકોને જુદા જુદા પ્રકારની કેળવણીની શાખાઓ પસંદ કરવામાં માર્ગદર્શક થાય, અને નાગર જીમખાનાની સંસ્થાએ તેથી આપણી જ્ઞાતિનીજ માત્ર નહિ, પરંતુ જેને જેને તેવી માહીતીની જરૂર પડે તે તમામ વર્ગોની એક અમુલ્ય સેવા બજાવી ગણાય.

તેજ પ્રમાણે સ્ત્રીઓની કેળવણી સંબંધમાં પણ નાગર જીમખાનાની સંસ્થા ભરત, ગુંથણ, અને શીવણકામ, શીખવવા માટે વર્ગો ઉપાડી શકે; માંદાની માવજત, છોકરાઓની ઉછેરણી વિગેરે વિષયની માહિતી આપવા પણ વર્ગ સ્થાપી શકે. મતલબ આ દિશામાં પણ જ્ઞાતિ સેવા સારી રીતે બજાવી શકાય એમ છે.

આટલું પુરૂષ વર્ગની અને સ્ત્રીવર્ગની કેળવણી સંબંધે લખાયાબાદ કેળવણી લેવામાં સરળતા થાય, તેમજ વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ કરવામાં અનુભવિઓના અનુભવનો લાભ મળે અને સ્થિતિ સંજોગોના આવરણથી દુર રહી ચીવટ અને ખંતથી વિદ્યાભ્યાસ થઇ શકે તેની બોર્ડીંગની અથવા ગુરૂકુળની યોજના થવાની પણ આવસ્યકતા દ્રસ્યમાન થાય છે. બોર્ડીંગ અથવા ગુરૂકુળની સ્થાપના કરવાની આવસ્યકતા ઘણી છે, ઉચ્ચ કેળવણી લેનારનું પ્રમાણ આપણામાં ઓછું છે, એટલુંજ નહિ પણ, માધ્યમિક કેળવણી લેનારમાં પણ અગાઉ જેટલી ચીવટ અને વિદ્યાભ્યાસમાં આગળ પડતા થવાની અભિલાષા અને પ્રયાસ જોવામાં આવતા નથી, આમ થવાનું શું કારણ હશે તે નક્કી થવાની જરૂર છે. શું આપણા વર્ગની બુદ્ધિ શક્તિ ઓછી થઇ ગઇ છે? શું ગૃહ સંસારનાં ઉપાધિનાં આવરણ તેમને વધુ નડવા લાગ્યાં છે? શું બીજી જ્ઞાતિના વિદ્યાર્થિઓને આપણા વિદ્યાર્થિઓ કરતાં ભણવામાં વધુ સગવડતા મળવા લાગી છે? કે શું વિદ્યાર્થિઓની બુદ્ધિ શક્તિ ઓછી થવાને બદલે ભણવા માટેની ખંત ઓછી થઇ છે? આ પ્રશ્નોનું નિરાકરણ શિક્ષકોએ ખાસ કરવાની જરૂર છે. આટલું તો નિશ્ચય પુર્વક કહી શકાય કે, બોર્ડીંગ સ્થાપવામાં આવે અને તે ઉપર દેખરેખ રાખવાની સારી ગોઠવણ થઇ શકે, તો ત્યાં રહેતા વિદ્યાર્થિઓ ઉપર ધ્યાન રહે અને તેમનું લક્ષ ભણવા ઉપર વિશેષ દરજ્જે દોરાએલું રાખી શકાય.

આપણામાં માતાપિતાની દેખરેખ તેમજ ગૃહકેળવણીની બાબતમાં ન્યુનતાને કારણે પણ બોર્ડીંગની સ્થાપના વિશેષ દરજ્જે આવસ્યક છે, અલબત બોર્ડીંગની સ્થાપના કરી એટલે સર્વ મુસ્કેલી દુર થઈ જશે એમ આશય નથી, તેમ કરવામાં ઘણા પ્રશ્નોનું નિરાકરણ કરવું મુસ્કેલ છે, પરંતુ કામનો આરંભ થયેથી, કેટલીક મુસ્કેલીઓનો અંત અનુભવ મળતો જાય તેમ લાવી શકાય, એટલે બીજાં સ્થળોનાં ગુરૂકુળોનાં દ્રષ્ટાંત અને અનુભવને આપણા ધ્યાનમાં લઇ, બોર્ડીંગની સ્થાપના કરવી જરૂરની લાગે છે.

કેળવણીની બાબતમાં અત્યાર સુધી જે વિવેચન કર્યું તેમાં ધ્યાનમાં રાખવા લાયક બાબતોનું પુનઃ અવલોકન નીચે મુજબ સંક્ષેપમાં થઇ શકે.

(૧) આર્થિક સ્થિતિ સુધારવાનું મુખ્ય સાધન કેળવણીનો પ્રસાર કરવો તે છે.

(૨) કેળવણીમાં શારીરીક અને માનસીક બન્ને શક્તિઓ ખીલવવાની જરૂર છે.

(૩) પુરૂષ વર્ગ તથા સ્ત્રી વર્ગ બન્ને માટે જુદા જુદા પ્રકારની કેળવણીની જરૂર છે.

(૪) કેળવણીના પ્રકાર વિષે વિચાર કરતાં, ઉચ્ચ કેળવણી ઉપરાંત બીજી ઘણા પ્રકારની કેળવણી લેવી તે જરૂરનું છે.

(૫) હિન્દુસ્થાન શિવાયનાં ઇતર દેશોમાં પણ આપણા બુદ્ધિશાળી યુવકોને કેળવણી લેવા મોકલવાની જરૂર છે.

નાગર જીમખાના જેવી સંસ્થાએ જુદીજ કેળવણીની શાખાઓ પ્રત્યે માહિતી મેળવવી જોઇએ અને વર્ગો ઉઘાડી સતત્ પ્રયત્ન કેળવણીનો પ્રસાર કરવા માટે કરવો જોઇએ, તે શિવાય બોર્ડીંગની સ્થાપના કરાવવાની જરૂરીયાત ઉપર પણ જ્ઞાતિજનોનું ધ્યાન દોરવું જોઇએ. અમેરીકાની માફક વીદ્યાર્થીઓને પણ અમુક દરજ્જે સ્વાશ્રયી થવાનું પણ શીખવાય તે માટે આવાં ગુરૂકુળોમાં વ્યવસ્થા પણ થઇ શકે.

કેળવણી લેવાની બાબતમાં અમોને એટલું કહેવાની જરૂર લાગે છે કે દરેક કેળવણી લેનારે પચીશ વર્ષે તો છેવટ કમાણી કરવામાં ઉદ્યુક્ત થવું જોઇએ. કેળવણી લેવાય તેટલાથીજ કાંઇ આર્થિક સ્થિતિ સુધરી જાય નહિ; કેળવણી તો માત્ર તે સુધારવામાં સાધનભૂત થાય છે. એટલે વિદ્યાર્થીઓ માટે કેળવણી લેવાની સગવડ થાય, તે સાથે વિદ્યાર્થીએ અભ્યાસ પુરો કર્યા બાદ, તેને નોકરી મેળવવામાં અથવા ધંધા ઉદ્યમસર થવામાં પણ બની શકે તેટલી સગવડ કરી આપવી જોઇએ. એટલે બધાને આવી મદદની જરૂર નથી; પણ જો આ દિશામાં માર્ગ બતાવવા માટે કાંઇ પ્રયાસ થાય તો તે સંબંધે પણ માહીતી એકઠી કરવાની અને અરસપરસ સહાય કરવાની રહે છે. લૌકિક માન્યતા એવી છે કે "વાડ વિના વેલો ચડે નહી" એટલે આરંભની દશામાં અવલંબન સ્થાનની ટેકાની, આધાર આપવાની વ્યવસ્થા થવાની જરૂર લાગે છે. આ બાબત વિચાર કરતાં લાગે છે કે

કેળવણી લીધેલા મનુષ્યોને કેટલીક વખત પુરતી માહિતી, તેવી કેળવણી લીધેલા માટે સારી કમાણીનું ક્ષેત્ર કયાં છે તેની હોતી નથી. માર્ગદર્શક થવામાં ઘણાઓની તૈયારી હોતી નથી; તેથી આરંભમાં અનેક મુશ્કેલી નડે છે. પરંતુ આવી મુશ્કેલીઓનો નિકાલ વખત જતાં થઈ જાય છે, લાયકાત ધરાવનારી કેળવણી જેમને મળી ન હોય, તેમને માટે ગોઠવણ કેવા પ્રકારની કરવી તે ખસુસ વિચારવા જેવું છે, આ વિષયનો વિચાર કરતાં લાગે છે કે, જો આપણા યુવકોમાંથી કેટલાક સારા વેપારીઓની પેઢી ઉપર રહી વેપાર ધંધાને લગતું શિક્ષણ ઉમેદવાર તરીકે રહીને લે તેવી યોજના થાય તો તેથી પણ આર્થિક સ્થિતિ સુધારવાની બાબતમાં સંગીન વ્યવસ્થા થઇ ગણાશે.

આપણે પ્રથમ લખેલ છે કે ઉત્પન્ન ઓછું આપતી હોય તેવી મીલકતની સલામતી જાળવવા તત્પરતા રાખીને, તેને વધુ ઉત્પન્ન આપતી કરવી તેમજ ઉત્પન્ન ન આપતી મીલ્કતને ઉત્પન્ન આપતી કરવી તે આર્થિક સ્થિતિ સુધારવામાં સાધનભૂત થાય છે. એ સિદ્ધાંતનો વિચાર કરતાં, ઉપયોગી પરીણામ શું લાવી શકાય એ પ્રશ્ન ઉદ્ભવે છે. આ બાબતની વિચારણાને અંગે સમજફેર ન થાય તેને માટે શરૂઆતમાંજ કહેવું જરૂરનું છે કે ઘરેણાં અથવા દાગીના જેવી તમામ મીલ્કત વેચી નાખી તેને ઉત્પન્ન આપતી કરી દેવી અથવા તો સ્થાવર જંગમ મીલ્કત ઓછું ઉત્પન્ન આપતી હોય તે તમામ કાઢી નાંખી, તેને વધુ ઉત્પન્ન આપે તેવી કોઇક જોખમવાળી નવા પ્રકારની યોજનામાં ગોઠવી દેવી, એમ લખવાનો અથવા કહેવાનો આશય નથી. આપણા ગૃહસંસારમાં અને વ્યવહારમાં આવી મીલ્કતની જરૂરીયાત છે, અને પ્રમાણમાં સચવાય તેથી લાભ છે. પરંતુ આ શીવાય કેટલીક મીલ્કત એવી હશે કે જે વાસ્તવિક 'ઓછું' ઉત્પન્ન આપતી હોય તેને કોઇક સારા ધંધા અથવા ઉદ્યમમાં રોકવામાં આવે તો વ્યાજ આપવાનાજ ઉપયોગ કરતાં તેને વ્યાજ આપવા ઉપરાંત આપણામાંથી કેટલાકને ઉદ્યમ શરૂ કરાવવામાં ઉપયોગી બનાવી શકાય, એટલે ઓચરીયાં, "સિકયુરીટીઝ" લઇએ છીએ તેમાંથી થોડો અંશ આપણા પોતાના ઉપયોગ માટે "કોઓપરેટીવ પ્રીન્સીપલ" અરસપરસ સહાયકારી મંડળીના કોઇ નિયમિત ધોરણ ઉપર કામ કરીએ તો તેમાં નાણાં રોકનારને વ્યાજ મળે જાય તે લાભ થાય અને આપણા ભાઇઓ ઉપરાંત

બીજા માણસો પણ કામે લાગી શકે એટલે આપણા માટે "કોઓપરેટીવ ક્રેડીટ સોસાઇટી" "કોઓપરેટીવ સ્ટોર્સ" વીગેરે સંસ્થાઓની સ્થાપના વેળાસર કરવી ઇષ્ટ લાગે છે. "ઇન્ડસ્ટ્રીયલ કોઓપરેશન" નામના પુસ્તકમાં **"કેથરીન વેબ"** આ વિષયમાં ઘણું સારૂં વિવેચન કરેલ છે. તેમાં "રોકડેલ પાયોનીયર્સ' સંબંધે વાંચતાં જાણવામાં આવે છે કે આ મંડળીએ પ્રથમ માત્ર ૨૮ પૌંડના નાના ભંડોળથી કામ શરૂ કર્યું, અને આજે એ મંડળીના હસ્તક, કેટલું નાણું, સ્થાવર મીલ્કત, કેટલીક ઉદ્યોગીક સંસ્થાઓ, વિગેરેનું સ્વામિત્વ આવેલ છે. આવાં લખાણ વાંચતાં આપણે આવું કામ સંગીન પાયા ઉપર કયારે કરી શકશું આપણામાં તેવું ઐકય, ઉત્સાહ કયારે આવશે એવા પ્રશ્નો મગજમાં ઉપરાઉપરી આવ્યા કરે છે. પરંતુ તેને માટે **અભ્યાસ, કર્તવ્યપરાયણતા, નિસ્વાર્થ વૃત્તિ, ઉચ્ચ ભાવનાઓ, સતત્ મહેનત અને ઉત્સાહ જોઇએ તે કયાં છે?** આવા વિષયો માટે જ્ઞાતિમત કેળવવાની જરૂર છે, ચળવળ કરવાની જરૂર છે, નાગર જીમખાના જેવી સંસ્થા તેમજ જ્ઞાતિના અગ્રણીઓએ એકદીલ થઇ પોતા થકી નિયમીત ધોરણ ઉપર કામ કરવાની જરૂર છે, આ વિષયોના લેખો લખાવી જ્ઞાતિમાં વ્હેંચવાની જરૂર છે, કેળવાયલા વર્ગમાં તેમજ યુવક વર્ગમાં જ્ઞાતિ ભાવનાની જાગૃતિની જરૂર છે. જયારે આપણામાં કામ કરવાની આવી તત્પરતા જોવામાં આવશે ત્યારેજ આપણા ઉદયનો સમય સમિપ આવશે. જયાં સુધી આવી તત્પરતા થઇ નથી ત્યાં સુધી હજુ આપણે માત્ર વિચાર વમળમાં ભટકયા કરતા ગણાશું.

આ ઉપરાંત "હોમ ઇન્ડસ્ટ્રીઝ" ઘર આગળ બેઠાં બેઠાં કામ કરવા માટે સારી પદ્ધતિથી મોઝાં, ગંજીફરાક, રૂમાલ અને ખમીસ, ભરતની કોરો વીગેરે તૈયાર કરવા માટે શીક્ષણ આપવામાં આવે તો પુરૂષ અને સ્ત્રી વર્ગને સ્વાશ્રયી બનાવી શકાય, ધંધા ઉદ્યમસર થવા માટે આવી કોઇ યોજના કરવાની આવશ્યકતા વિષે આટલું વિવેચન કર્યા બાદ, મુંબઇ જેવાં મોટાં શહેરમાં જયાં આગળ મોંઘવારી પ્રમાણમાં વિશેષ વર્તાય છે, રહેણાકની હાડમારી ભોગવવી પડે છે ત્યાં આગળ ખાસ કરીને ટુંકી કમાણીવાળા માટે, તેમજ સારી સગવડ મળી શકે અને આપણા ભાઇઓ એક જથ્થામાં રહી શકે તે માટે આપણા ભાઇઓના વસવાટ માટે, મકાનો બંધાવવાની જરૂર છે, તેને અંગે એક 'બીલ્ડીંગ સોસાઇટી' સ્થાપીને તે

દ્વારાએ જમીન ખરીદી અથવા ભાડે લઇ સારૂં મકાન અને ચાલ બંધાય તો નાણાં રોકનાર ગૃહસ્થને વ્યાજનું નુકશાન થાય નહીં; મતલબ વ્યાજ મળે અને ભાડું આપી રહેનાર આપણા ભાઇઓની સગવડ સચવાય; એટલે આવા બંધારણ ઉપર કોઇક યોજના કરવાની જરૂર દ્રશ્યમાન થાય છે. કારણ કે તંદુરસ્તી સારી રહે, તો કમાણી થઇ શકે, એટલે આ યોજના સીધી રીતે અને વિશેષ દરજજે આડકતરી રીતે આપણી આર્થીક સ્થિતિ સુધારવામાં સાધનભૂત થાય તેમ છે.

આ વિષયની પુરતી માહીતી મેળવવાની જરૂર છે, કારણકે પુખ્ત અનુભવીઓથી આરંભાયેલ કાર્ય નિષ્ફળ જવાનો સંભવ ઘણોજ થોડો રહે. અત્યાર સુધીમાં આપણે જે યોજનાઓનું વિવેચન કર્યું તેમાં લગભગ બધી યોજનાઓમાં ફંડની અથવા દ્રવ્યની આપેક્ષા રહે છે તેથી આવું ફંડ કયાંથી મેળવવું તે પ્રશ્ન ઘણોજ મહત્વનો થઇ પડે છે.

ફંડની મુશ્કેલીઓના કારણે જુદી જુદી યોજનાઓ જે આ લેખમાં દર્શાવવામાં આવેલ છે તેમાંથી અથવા તો અનુભવીઓ જે બીજી યોજનાઓ રજુ કરે તેમાંથી તુરત હાથ ધરવા લાયક હોય તેની પસંદગી કરવી તે જરૂરનું છે, કારણ કે સૌ યોજનાઓ એકી સાથે પાર પડી શકે નહી. તેથી પ્રથમ આવશ્યકતા એ યોજનામાંથી કઇ યોજના વિષેષ અગત્યની છે તે નક્કી કરી લેવાની છે તેને માટે શું કરવું તે વાષે વિચારો નીચે દર્શાવીશું. પરંતુ એક પછી એક એમ અનુક્રમે, અગત્યતા પ્રમાણે જે દરેક યોજના પસંદ થાય તેને માટે ફંડ જોઇએ તે વિષે વિચાર કરવાનો રહે છે, તે માટે ઉપર દર્શાવેલ છે તે પ્રમાણે સારી સ્થિતિ અને મધ્યમ સ્થિતિવાળાઓએ સાથે મળી કરવાની જરૂર છે. આપણે "પ્રોવીડન્ટ ફંડ" અથવા "કંપલસરી સેવીંગ"ના ધોરણ ઉપર કાર્ય કરવા સંમત થઇએ તો રફતે રફતે દરેક કાર્ય સિદ્ધ કરી શકીએ, એટલે માસિક ત્રીશ રૂપીઆની આવકવાળાથી શરૂ કરી વર્ષ દીવસે બે રૂપીઆના પ્રમાણમાંથી વધુ આવક વાળા પાસેથી, તેના પ્રમાણમાં પ્રતિ વર્ષે લઇ, એક ફંડ સ્થાપીએ તો તેમાંથી "કોઓપરેટીવ પ્રીન્સીપલ" પ્રમાણે સહુએ સાથે મળી આર્થિક સ્થિતિ સુધારવાનો ભાર વહન કર્યો કહેવાય. આ વિષયની ચર્ચા કરવામાં હાલમાં ચારે તરફ ફંડ ઉઘાડવાની વિરૂદ્ધ જે લાગણીઓ અને

વિચારો પ્રદર્શીત કરવામાં આવે છે તે ધ્યાન બહાર જતું નથી. એ બાબત ધ્યાન ઉપર રાખતાં એમ લાગે છે કે દરેક બાબત માટે જુદાં જુદાં ફંડ થાય તેની વિરૂદ્ધ ઘણે ભાગે એ લાગણીઓ છે તેથી આવું એકજ ફંડ કાયમ ચાલુ રાખી તેમાં વિદ્યોત્તેજક ફંડ, બોર્ડીંગ માટેનું ફંડ, દવા વિગેરેમાં સહાય મળવા માટેનું ફંડ વિગેરે બાબતો એકત્ર કરી દેવામાં આવે, તો જ્ઞાતિહીતની અત્યાર સુધીમાં કરવામાં આવેલ બાબતોમાંથી કેટલીએક બાબતોની વ્યવસ્થા અને હવે પછી હાથ ધરવામાં આવે તે તમામ બાબતોની વ્યવસ્થા કરવા માટે એક 'સેન્ટ્રલ કમીટી' ની નીમણુક કરી કાર્ય કરવાનું સુગમ પડે; શ્રી હાટકેશ્વર મહાદેવના ગોત્રાનાં મંદિરના ખર્ચ માટે અને તેના જેવી તમામ બાબતોમાં પણ આ કમીટી મારફતજ કાર્ય કરાવવાનું રાખવું અને તે માટેજ ઉપર લખેલ છે તે પ્રમાણે જુદી જુદી પ્રવૃત્તિઓમાંથી પ્રથમ પ્રવૃત્તિ કઈ પસંદ કરવી તે નક્કી કરવાની આવશ્યકતા છે તેનાથી વધુ લાભ એ થશે કે આપણી પ્રવૃત્તિઓ નિયમીત ધોરણ પ્રમાણે ચલાવી શકાશે, અને અનિશ્ચિતતાના કારણે જે અસંતોષ જોવામાં આવે છે, તે દુર થઇ, સહુ કોઇ સમજી શકશે કે આપણે અમુક કાર્ય સિદ્ધ કરવાનાં છે તેનો અનુક્રમ આ પ્રમાણે છે; તેને માટે કામ કરનારા કેટલા જોઇશે, તેને માટે ફંડ કેટલું જોઇશે તેને માટે શું વ્યવસ્થા કરવી વિગેરે જાણવામાં આવશે અને તેથી–એટલે કાર્યક્રમ પ્રથમથી નક્કી કરીએ તો—અસંતોષના કારણો દુર થઇ જશે એમ લાગે છે; એટલે કાર્યક્રમ નક્કી કરવામાં પસંદગી શી રીતે કરવી તે વિચારવાની જરૂરીયાત ઉભી થાય છે.

આપણી જ્ઞાતિના ઘણાખરા ગૃહસ્થોનો અભિપ્રાય જાણવા માટે અને અગ્રણીઓ કઇ પ્રવૃત્તિઓ પસંદ કરે છે તે નક્કી કરવા માટે આપણી જ્ઞાતિની કોનફરન્સ ભરવાની જરૂર છે. પરંતુ તે કોનફરન્સમાં વિચાર કરવામાં સહાય થાય માટે એક પ્રશ્નાવળિ નીચે મુજબ તૈયાર કરી, આ લેખ પ્રસિદ્ધ થાય તે સાથે વ્હેંચી, લેખની વેહેંચણીથી પંદર દિવસ અથવા એક માસની અંદર આવા અભિપ્રાય આપણા મંડળે એકઠા કરવાની જરૂર છે.

પ્રશ્નાવળી.

(૧) આપણી કોમની આર્થિક સ્થિતિ સુધારવાની જરૂર છે કે કેમ? જો તેવી જરૂરીયાત આપને લાગતી ન હોય તો તેનાં શું કારણો છે?

(૨) જો આપ તેવી જરૂરીયાત સ્વીકારતા હો તો આ લેખમાં દર્શાવવામાં આવેલ કઇ કઇ યોજના તથા સુચનાઓ આપની સમંતી મેળવે છે?

(૩) આ લેખમાં દર્શાવવામાં આવેલ યોજનાઓ ઉપરાંત બીજી કોઇ યોજના આપના ધ્યાનમાં છે કે? જો આપના ધ્યાનમાં હોય તો સુચવશો.

(૪) એ યોજનાઓમાંથી હાલ તુરત પસંદ કરવા લાયક અને જરૂરી યોજના કઇ છે?

(૫) એ યોજના અમલમાં મુકી શકવા માટે આપ કઈ અને કેટલી મદદ કરવા તૈયાર છો?

આ પ્રશ્નાવળીના પ્રત્યુત્તર જે ગ્રહસ્થો તરફથી આવશે તે નિયોજક સભાની અનુમતીથી પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ પ્રશ્નાવળીના પ્રત્યુતર બરાબર એકઠા કરવામાં આવશે તો કાર્યની દિશા અને ક્રમ નિશ્ચિત કરી શકાશે; અને સૌને સાથે મળી કાર્ય કરવાનું થાય એટલે કોઇપણ વર્ગને ફરિયાદનું કારણ રહે નહી. સૌને સાથે મળી કાર્ય કરવાનું લખેલ છે તેથી બીજી રીતે કોઇ કાર્ય નજ કરવું એમ લખવાનો આશય નથી, પોતાની સ્વેચ્છાથી વધુ ફંડ આપવા તત્પરતા રાખનાર ગૃહસ્થોને મદદ કરવાનો અવકાશ રહેશેજ તેમ કેટલીક યોજના જે "કોઓપરેટીવ પ્રીન્સીપલ ઉપર કરવા લખેલ છે તેમાં અને મકાન બંધાવવાની વિગેરે યોજનામાં તો મીલકતની વ્યવસ્થામાં હેરફેર કરી અમુક રીતે મીલ્કત ગોઠવવાનોજ પ્રશ્ન છે એટલે તેમાં વ્યાજ મળવા વિગેરેનો તો નાણાં રોકનાર અથવા આપનાર ગૃહસ્થોને લાભ મળવાનો એટલે એ હકીકત પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

અત્યાર સુધી આપણે જે યોજનાઓ વિષે વિચાર દર્શાવ્યા તેમાં થોડા યા વધુ અંશે નાણાની જરૂરીયાત સ્વિકારવી પડે તેવું છે. હવે આપણે નાણાંની જરૂરીયાત હોય નહીં તેવી બાબતો જેથી આપણી આર્થિક સ્થિતિ સુધરી શકે તે વિષે વિચાર કરીએ તો પ્રથમ ધ્યાન આપણા નિત્ય તથા નૈમિત્તિક ખર્ચ ઓછો કરવાની બાબતો ઉપર દોરાય છે. આ વિષયમાં અનેકવાર

લખાઇ ગયેલ છે તેથી લંબાણુ વિવેચન કરવાની આવશ્યકતા રહેતી નથી. સારા અને માઠા અથવા શુભ અને અશુભ પ્રસંગના ખર્ચ કમી કરવાની ખાસ જરૂર છે. આ વિષયનો વિચાર કરવામાં આપણે આપણી જ્ઞાતિની સાથે નાગર બ્રાહ્મણુની જ્ઞાતિનો વિચાર પણ કરવાનો રહે છે. ભાવનગર તળપદમાં નાગર બ્રાહ્મણ જ્ઞાતિનાં ઘર '૩૧ અને એકંદર '૯૬' માણુસોની સંખ્યા વસ્તીપત્રકની ગણત્રીમાં દર્શાવવામાં આવેલ છે તેની સાથે બહારગામના નાગર બ્રાહ્મણો અને ડુંગરપરા નાગરો વિગેરે જે નોકરી ધંધા અથવા યજમાનવૃત્તિના કારણે ભાવનગર આવી ઘણો ભાગ રહે છે તેઓની સંખ્યા પણ ધ્યાનમાં લેવી જોઇએ, કારણુ કે શુભ અને ખાસ કરી અશુભ પ્રસંગોમાં આપણી અને તેમની વચ્ચે ઘણો અતલગનો સંબંધ રહે છે, એટલે આ હકીકત લક્ષમાં રાખીને તથા આપણી આર્થિક સ્થિતિના હાલના બદલાયલા સ્થિતિ સંજોગો ઉપર પુરતું મનન કરીને, કયા અને કેટલા ખર્ચ ઓછા કરી શકાય તેમ છે તે નક્કી કરવું જરૂરનું છે. આ પશ્ન નક્કી કરવામાં જ્ઞાતિના પ્રચલિત રીતરીવાજો અને ધારા ધોરણુમાં યોગ્ય સુધારો કરવાની જરૂરીયાત ઉભી થશે એટલે તે દિશામાં પ્રયાસ કરવા આવશ્યક છે તેને અંગે જ્ઞાતિ બંધારણુના વિષયમાં વિચાર કરવાની પણ જરૂરીઆત રહેશે. હાલમાં જ્ઞાતિ બંધારણ સ્પષ્ટ નથી હજી ઘણીવાર કોણ કોણ અહુરથો જ્ઞાતિના પટેલો છે તે વિષે પ્રશ્નો ઉપસ્થિત થાય છે. વર્ષે અથવા પાંચ દશ વર્ષે પણ પટેલોની સભા-મંડળી-મીટીંગ મળવી જોઇએ અગર જ્ઞાતિ હિતનાં કાર્યનો તેમણે વિચાર કરવો જોઇએ, તેવી કોઇ નિયમિત વ્યવસ્થા નથી: તેમને હસ્તક કોઈ પ્રકારનું જ્ઞાતિ ફંડ નથી, જ્ઞાતિની જગ્યા નથી; તેમની સત્તાનું સ્વરૂપ શું તે સમજી શકાય તેવું નથી; જો પટેલોની સંસ્થા વંશ પરંપરા ગણીએ તો તેમના વારસમાંથી કોણ પટેલ થઈ શકે, તે વિષે કશું ધોરણ નથી. આ અનિશ્ચતતા આપણી અનેક મુશ્કલીઓમાં વધારો કરેછે. આ વિષયની ચર્ચા આર્થિક સ્થિતિની બધી સુધારણાના વિષયમાં સંગત નથી થતી તેથી વિશેષ લખવું તે મુળ ઉદ્દેશની બહાર ગણાય પરંતુ જ્યારે જ્ઞાતિના પ્રચલિત ધારા ધોરણુના પશ્ન ઉપસ્થિત થાય છે ત્યારે આ અનિશ્ચિતતાના કારણે કામ આગળ ચાલી શકતું નથી; અને કેટલીએકવાર કામ

આગળ ચાલે તો પણ કરેલ નિશ્ચય પ્રમાણે સાથે વર્તવા માટે ફરજ પાડી શકાતી નથી અને ખર્ચ ઓછો કરવાની બાબતોમાં પણ તેથી ઢીલ થયા કરે છે, તેથી સુવ્યવસ્થિત બંધારણ થાય તો વસ્તુસ્થિતિ સુધારી શકાય, એ લેખે ગણતાં અમુક દરજ્જે આ વિષયની વિચારણા પણ સંગત બને છે. સંક્ષેપમાં લખતાં હાલના જમાનાને અનુકુળ રીતે જ્ઞાતિ બંધારણ, જ્ઞાતિ પટેલોની સંસ્થા જાળવી રાખીને તેમની સાથે કાર્ય કરવામાં અમુક સંખ્યા, જ્ઞાતિના બીજા ગૃહસ્થોમાંથી નીમી, તેઓની પસંદગી દર બે અથવા ત્રણ વર્ષે કરી તેમણે દર ત્રણ મહીને મળવું જોઇએ તેવું બંધારણ નિયમિત ધોરણ ઉપર નક્કી થાય તો જ્ઞાતિહિતનાં ઘણાં કાર્યોનો નિકાલ વિના વિલંબે થઇ શકે એમ લાગે છે.

આ શિવાય આપણી ઉછરતી પ્રજા દેશપરદેશમાં ધંધા ઉદ્યમસર વિહરણ કરી શકે તથા તેમને તેવું વિહરણ કરવામાં સરળતા મળે તેવા ઘણા રૂઢીમુલક એટલે શાસ્ત્રના આધારથી નહી, પરંતુ રૂઢીના કારણે આપણા વર્તનમાં જે ફેરફાર થયા હોય, તેમાં ઘટતો સુધારો કરવાની જરૂરીયાત છે. એટલે દેશ અને કામ બન્નેનો વિચાર કરી તેટલા પુરતું આચાર વિચારમાં, પુખ્ત વિચાર કર્યા બાદ સુધારાને સ્થાન આપવું આવશ્યક લાગે છે. સામાજીક સુધારણાનો આ પ્રશ્ન મનનીય છે, મહત્વનો છે પરંતુ લેખના વિષયને અસંગત હોવાથી તેનું અવલોકન સંક્ષેપમાં કરવામાં આવેલ છે.

ઉપસંહાર.

સમસ્ત સમાજનો વ્યવહાર, હાલના મનાએલા સુધરેલ જમાનામાં, નાણાં ઉપર અથવા બીજા શબ્દોમાં લખીએ તો નાણાંને અંગે 'આંટ' ઉપર રહેલ છે. જેમની નાણા સંબંધેની સ્થિતિ સારી, જેમની આંટ દેશ પરદેશમાં સારી તેમની સ્થિતિ દુનિયામાં પણ ઠીક ગણાય છે; તેમનું માન અને પ્રતિષ્ઠા વિશેષ દરજ્જે જળવાય છે; એટલે દુનિયાદારીના સામાન્ય જીવનમાં આર્થિક સ્થિતિ સુધારવી એ ઇષ્ટ છે. તે સાથે આર્થિક સ્થિતિ સુધારવામાં, સામાજીક, નૈતિક અથવા ધાર્મિક ભાવનાઓને તિલાંજલી આપી દેવી એમાં પણ શ્રેય નથી; એટલે એક સુધારવા જતાં બીજાને હાનિ ન થાય તેટલું ધ્યાનમાં રાખી આપણે પુરૂષાર્થ કરવો જોઇએ. મતલબ આર્થિક સ્થિતિ સુધારવી એ જરૂરનું છે તે માટે પ્રયત્ન કરવા

આવશ્યક છે, કારણકે આપણે જોયું કે તેની સુધારણા શક્ય છે પ્રયત્ન કરવામાં પુનઃ ભાર મુકી લખવું જરૂરનું છે કે નિઃસ્વાર્થ વૃત્તિ, કર્તવ્ય પરાયણુતા, અને ખંત તથા સતત મહેનત કાર્ય સિદ્ધ કરવાનાં મુખ્ય સાધનો અથવા ગુણો છે; અને તેથી આ સદગુણોની ખીલવટ ઘણી જરૂરની છે. તે સાથે એ ગુણોથી વિભૂષિત એકાદ બે વ્યક્તિથી નહિ પણ તેવી વ્યક્તિઓના સમુહથી સમુદાયથી આવાં કાર્યોની આરંભણા આવશ્યક છે. આવા સમુહો, સમુદાયો, એકઠા કરવા એ આપણું મુખ્ય કર્તવ્ય છે; તેની દ્વારાએ જ્ઞાતિમત કેળવવો દરેક જ્ઞાતિજનને જ્ઞાતિ ઉન્નતિમાં ઉત્સાહપુર્વક ભાગ લેતો કરવો, માત્ર પુરૂષ વર્ગનેજ નહિ પણ સ્ત્રી વર્ગને પણ જાગૃત કરવો, તેમનામાં આપણી ખરી સ્થિતિનું જ્ઞાન ફેલાવવું, તેમનું ધ્યાન જ્ઞાતિની પરિસ્થિતિ ઉપર દોરવું, તેમને જ્ઞાતિના ઉદયની અભિલાષાઓથી પ્રેરીત કરવાં અને આ પ્રમાણે જ્ઞાતિની તમામ આબાલવૃદ્ધ વ્યકિતઓની દરેક શીરામાં નુતન ઉત્સાહ અને બળનું વહન કરાવવું એ સુશિક્ષિત મનુષ્યનું જીવન લક્ષ્ય બનવું જોઇએ એ જીવન લક્ષ્યથી પ્રેરાઇને સમયને અનુકુળ યોજનાઓનો વિચાર કરી, તે પાર પાડવામાં સૌએ સાથે મળી અવિરત પ્રયત્ન કરવા જોઇએ; વ્યકિત સ્વાતંત્ર્યના મતનું અનુકરણ કરવાથી આપણો ઉદય થઇ શકશે નહિ. તેમજ બીજી તરફથી માત્ર સર્વદેશીય સાર્વજનીક ઉન્નતિની પ્રવૃત્તિઓનાં નિમિત્તે જ્ઞાતિ હીત તરફ બેદરકાર રહેવાથી પણ આપણું જ્ઞાતિ તરીકેનું જીવન ઉન્નત બનશે નહિ. આવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવો એ દરેક દેશ વત્સલ સ્ત્રી પુરૂષનું કર્તવ્ય છે. પરંતુ તેની સાથે જ્ઞાતિની ઉન્નતિ ઉપર પણ પ્રમાણમાં ધ્યાન આપવું આવશ્યક છે, આપણે એ સંસ્થાથી વિમુખ આપણું વ્યવહારિક જીવન ગાળવું ઇષ્ટ નથી; આપણા જીવનની નિત્ય પ્રણાલી જ્ઞાતિ સંસ્થા સાથે સંકળીત થયેલ છે. આપણા જ્ઞાતિ જનની ઉન્નતતા અથવા અધમતા, સદ્દગુણો, અથવા અવગુણો પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે આપણને અસર કરવાનાંજ; ત્યારે એ સંસ્થાની ઉન્નતિ કરવા તરફ દરેક જણે લક્ષ આપવું એ શું કર્તવ્ય રૂપે ન લેખાય? જ્ઞાતિ સંસ્થાની ઉન્નતીના પ્રયાસ કરવા તે સકળ સમાજની ઉન્નતિના પ્રયાસમાં બાધક રૂપે લેખાવાને બદલે શું સહાયક ન લેખાય? અથવા સહાયક ન બનાવી શકાય? બન્નેની મહત્વતાનો યોગ્ય નિર્ણય કરી, બન્ને તરફ પ્રમાણમાં લક્ષ અપાય તો દેશહિતનાં કાર્ય

સાથે જ્ઞાતિહિતનાં કાર્યો પણ સાધી શકાય; જેમ વ્યકિત સ્વાતંત્યમાં તણાઇ જવું ઇષ્ટ નથી, જેમ માત્ર સર્વદેશીય પ્રવૃત્તિના નિમિત્તે જ્ઞાતિ હિત તરફ દુર્લક્ષ રાખવાથી જ્ઞાતિહીત સાધી શકાય નહિ, તેમ તેટલેજ દરજજે એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે માત્ર જ્ઞાતિહિતનાં એક દેશીય કાર્યોમાં મશગુલ રહેવું એ પણ ઇષ્ટ નથી. જમાનો હૃદયની વિશાળતા માગે છે; ચારે તરફ વિકાશ માટે પ્રબળ મથન ચાલી રહ્યું છે. આપણું જીવન, આપણે માટે, આપણા કુટુમ્બી જનો માટે, આપણા જ્ઞાતિ જનો માટે, આપણા દેશજનો માટે, સકલ જનસમાજ માટે, અખિલ વિશ્વ માટે નિયોજાયેલું છે; વિશ્વ યજ્ઞ રૂપે છે; આપણું ધન, આપણી શકિત, આપણાં સાધનો, એ યજ્ઞમાં આપવાનાં બલીદાનો છે. આપણે બલિદાનો આપનારા-હવિદાતા હોતા છઇયે, એ ભાવના જાગૃત કરશું ત્યારે આપણામાં કર્તવ્ય પરાયણતા આવશે અને ત્યારેજ આપણે ઉંન્નતિ પ્રાપ્ત કરી શકશું. શ્રી ગીતાજીના મહા વાકય "कर्मण्येवाधिकारस्ते माफलेषुकदाचन" જે અમારા મંડળનો મહા મંત્ર (motto) છે તે પ્રમાણે એ કર્તવ્ય પરાયણતામાં પણ સત્કર્મ કરવાનો અધિકાર આપણો છે. અને તેના ફળ અને પરીણામ ઉપર આપણો અધિકાર નથી. એ રહસ્ય બરાબર જાણવામાં આવશે તો માત્ર "ઇશ્વર પ્રીત્યર્થે" કાર્ય કરવા તત્પરતા થશે. મતલબ સદ્બુદ્ધિ અને સત્યકાર્યોનો તોજ આવિર્ભાવ થશે, આપણા ઇષ્ટદેવ શ્રી હાટકેશ્વર આપણામાં આવી સદ્બુદ્ધિ પ્રેરો અને આપણામાં આવાં સત્કાર્યોનો ઉદય થાઓ, એવી પ્રાર્થના કરી આ લેખ સમાપ્ત કરવામાં આવે છે. इतिशम् ॥

૩-૩-૧૯૧૮ મુંબઇ,	લી. શ્રી મુંબઇ, ભાવનગર વડનગરા નાગર મંડળ.

નિયોજક મંડળીના સભાસદોનાં નામ.

રા. રા. માર્કંડરાય વિ. ગીરજાપ્રસાદ દેસાઇ.

„ વિઠલદાસ સામળદાસ મેહેતા.

„ જસવંતલાલ સાકરલાલ મેહેતા;
બી. એ., એલએલ. બી.

„ અજીતરાય વિઠલદાસ મેહેતા;
બી. એ., એલએલ. બી.

„ કાન્તલાલ મણીલાલ ઓઝા;
બી. એ., એલએલ. બી.

„ શાન્તિરાય વિ. બળવંતરાય મેહેતા;
બી. એ.

પરિશિષ્ટ ૧ લું

(૧) રા. રા. ભાનુપ્રસાદ હાજીભાઇએ એક પત્ર રૂપે તેમના વિચાર પરયોક્ત વિષયમાં રજુ કરેલ છે તેઓ કહે છે કેઃ—

આર્થિક ઉન્નતિ એટલે કે આપણી જે પૈસા પ્રત્યેની સ્થિતિ જેનાથી આપણે ઘરો બંધાવી શકયા અથવા તો જાહોઝલાલીથી રહી શકયા તેવીજ સ્થિતિ પ્રાપ્ત કરવી. તેવોજ અર્થ માત્ર તેમાં સમાએલ નથી.

તેઓ સાહેબનો એમ મત છે કે સર્વ સ્થળે એટલે કે આખા હિંદુસ્તાનમાં મોંઘવારીને લીધે અને બીજાં ઘણાં કારણોને લઇને આપણા ભરણપોષણને અર્થે કમાવાની મુશ્કેલીઓ ઘણી પડે છે અને ઘણો જીવનકલહ વેઠવો પડે છે અને આ ફરીઆદ બધી જ્ઞાતિમાં સાંભળવામાં આવે છે. પણ આપણી જ્ઞાતિને આ મુસિબત ઘણી વસમી લાગે છે તેનું કારણ તેઓ આપણો ભૂતકાળનો જાહોજલાલીનો વખત છે તેમ કહે છે.

આર્થિક ઉન્નતિ કરવી હોય તો નીચે બતાવેલ આપણા યુવકોને ચાર સિધ્ધાન્તો પાળવાના છે અથવા અનુસરવાના છેઃ—(૧) ઉચ્ચ કેળવણી, (૨) સારી વર્તણુક, (૩) ઉદ્યોગી ટેવો અને (૪) સાહસિક સ્વભાવ.

(૧) તેઓ સાહેબનો એવો મત છે કે આપણા યુવકોને કેળવણીને માટે ઈંગ્લંડ, જાપાનાદિ પ્રદેશોમાં મોકલવા અને તેમાં જ્ઞાતિબંધનના નિયમો વચમાં ન લાવવા.

વેપાર અથવા ઉદ્યોગ સંબંધે અનુભવ પહેલાં લઇને પછી તે લાઇન લેવી તે વધારે ઉચિત છે.

(૨) વર્તણુંકના વિભાગમાં તેઓ સાહેબે સાદું જીવન, નમ્રતા, સ્વાશ્રય અને આત્મભોગ એમ ચાર સદ્‌ગુણોનો વિકાસ કરવાની આવશ્યકતા જણાવી છે.

ઉપર જણાવેલ વિભાગો પ્રત્યે તેઓએ સાદા જીવન ઉપર મુખ્યત્વે કરીને ભાર મુકયો છે કારણ તેઓનો મત એવો છે કે આપણે આપણા જીવન પરત્વેની જરૂરીઆતોનું લીસ્ટ વધારવું નહિ, કારણ તેથી આપણે આપણા મન ઉપર અંકુશ રાખી શકતા નથી અને પરિણામે ખર્ચની બાબતોનો વધારો અનુચિત રીતે કરીએ છીએ.

સ્ત્રીઓની વ્યવહારૂ અજ્ઞાનતા અને તેમના પતિને વ્યવહારમાં શી રીતે ઘરની વ્યવસ્થા કરી મદદ રૂપે થવું જોઇએ તે ખબર નથી તેનું કારણ એજ છે કે તેઓ જ્યારે મોટી ઉમ્મરની થાય છે ત્યારે બરોબર જોઈતી વ્યવહારૂ કેળવણી ન લીધેલ હોવાથી તેઓની જવાબદારીઓ દુનિઆમાં શું છે તેની તેમને બરોબર સમજણ હોતી નથી.

રા. રા. લાભશંકર પીતાંબરદાસે તેઓના નિબંધદ્વારા નીચેની કેટલીક અતી લાભદાયક તથા કિંમતી સુચનાઓ કરી છે.

(૧) આપણી કોમની આર્થીક સ્થિતિ, (૨) અને તે સુધારવાનાં સાધનો.

૧. આ વિષયના બે ભાગમાંથી બીજા વિભાગના સ્વરૂપના આ લેખનમાંજ એમ ગૃહણ કરી લીધેલું છે કે આપણી હાલની આર્થીક સ્થિતિ અવનત પતિત દશામાં છે તે વાસ્તવિકજ છે. આજથી વીસ પચીસ વર્ષ ઉપર આપણી જ્ઞાતિમાં ઘેરેઘેર રંગરળીઆત સ્થિતિ છવાઇ રહેલી હતી. કુટુંબ ભરણપોષણમાં ભાગ્યેજ કોઇને મુશ્કેલી નડતી હતી. ધંધારોજગાર વગરની વ્યકિતનું નામજ નહોતું. જ્ઞાતિમાં પૈસાપાત્ર કુટુંબોની પણ થોડી ઘણી સંખ્યાની હયાતિ હતી. ત્યારે હાલમાં શું પંદર વીસ રૂપીયાની કમાણીવાળા કે શું પચાસ સાઠ રૂપીયાની કમાણીવાળા દરેકને ત્યાં પુરતો કુટુંબ નિર્વાહ કેમ ચલાવવો એ વિચારવા જેવી વાત થઇ પડી છે. ધનવાન ગણાતાં કુટુંબોમાંથી થોડાં અપવાદ રૂપે રહી બાકી બીજાં સર્વે કુટુંબો સામાન્ય વર્ગની સ્થિતિમાં આવી ગયાં છે. અને જે કુટુંબો સામાન્ય વર્ગની સ્થિતિમાં હતાં તેઓને ત્યાં ગરીબાઇ ધીરે ધીરે પગ પેસારો કરતી જાય છે. ઉદરપુરણનીજ મારામારી ત્યાં ઘરનાં છોકરાંને વિદ્યા સંપાદન કરવાનાં સાધનો તો કયાંથીજ પુંરાં પાડી શકાય? જ્ઞાતિમાં કમાઇ શકે એવા વર્ગનો ઘણો ખરો ભાગ હીણકમાઉ મનુષ્યની માફક બીનરોજગારી જોવામાં આવે છે. ઉછરતા યુવાનોમાં કેટલાએક વિદ્યાભ્યાસ કરવાને ઉત્સુક હોય છે તેને પુરતા અનુકુળ સંજોગો મળતા નથી અને તેમાંનો મોટો ભાગ તો વિદ્યાસંપાદનથી વિમુખ થઇને બેઠેલો નજરે પડે છે. સ્ત્રીઓ પૈકી કેટલીએક વિધવા વર્ગની સ્ત્રીઓની સ્થિતિ કરૂણાજનક છે. હાલની આપણી આર્થિક સ્થિતિની આ દશા છે એટલુંજ નહી પણ જો તેના યોગ્ય ઇલાજ વખતસર લેવામાં નહી આવે તો દીનપ્રતિદીન એ સ્થિતિ વિશેષ નબળી થતી જઈ

તેની છેવટ કેવી દશા થશે તેનો ખ્યાલ કરતાં પણ કંપારી છુટે છે. વિષેશ કરૂણાજનક વાત તો એ છે કે એવી આપણી દુર્દશાનો ચિતાર આપણી દરેક વ્યકિતની દૃષ્ટિ મર્યાદામાં પણ આલેખાયો હોય એમ લાગતું નથી.

વિશ વર્ષની અંદર આપણી સ્થિતિમાં આવો ફેરફાર થવામાં અનેક કારણો સહાયભૂત થયેલાં છે. જેમાં:—

(૧) આપણી જ્ઞાતિનો કાઠીઆવાડમાં નાના મોટાં દેશી રાજયો સાથે નિકટ સંબંધ હતો એ સંબંધ તુટી જવાથી આ સ્થિતિ આવી પડી છે. કારણ કે તે સંબંધ આપણને કેટલેક પ્રકારે લાભદાયી નિવડયો નથી. જો કે આપણી આર્થિક સ્થિતિ તો તે સંબંધથી સારા પાયાપર જળવાઈ રહી હતી તો પણ એ સંબંધને લઇને આપણું બળ એટલું બધું નરમ પડી ગયું છે કે હવે એ સંબંધ તુટયા પછી આપણે આપણા બાહુબળથી દુનિયાની સરતમાં ટકી રહેવાને અશકત થઇ ગયા છીએ. તેનું કારણ ઉપર દર્શાવેલ દેશી રાજયો જોડેનો આપણો સંબંધજ. આનું પરિણામ એ આવ્યું કે એ સંબંધ તુટયા પછી જયારે જીવનકલહની લડાઇમાં આપણે કાઠિયાવાડ છોડી દુનિયાની વિશાળ સ્પર્ધામાં ઉતરવાનો વખત આવ્યો ત્યારે તે સ્પર્ધામાં ઉતરવાને પુરતું બળ આપણામાં નથી એમ માલૂમ પડયું અને બીજું અનિષ્ટ પરિણામ એ આવ્યું કે જાહોજલાલીને અંતે મોજ શોખ અને મોજશોખથી આળસ અને ગરીબાઇ તથા અવનતિ આજે સૃષ્ટિક્રમનો અનિવાર્ય નિયમ છે તે પ્રમાણે આપણી જ્ઞાતિમાં પણ મોજ શોખ વધી જઇ આલસ અને તેને લઇને ગરીબાઇની દશા આપણને માઠી થઇ છે. અને એ સંબંધથી ઉત્પન્ન થયેલાં આ બન્ને પરીણામોનાં મુળ જેટલો તે સંબંધ વધારે ટકી શકત તેટલાં વધારે ઉંડા પેસતાં જાત.

આપણી અવનત દશાનાં ઉપકારણોમાં તેઓ સાહેબે નીચે જણાવેલ કારણોનો સમાવેશ કર્યો છે.

(૧) પૃથ્વી પ્રાણીમાં રસકસ હતો તેવો રસકસ હવે રહ્યો નથી.

(૨) દુકાળ.

(૩) રેલ્વે બંધાઇ જેથી મોંઘવારી સતત રહ્યા કરે છે.

(૪) પહેલાં કરતાં પ્રજાની ઉત્પત્તિનું પ્રમાણ પણ વધી ગએલ છે. આ બધાં કારણોને લઇને વીશ રૂપૈયાના દરમાયામાં પહેલાં એક

કુટુંબ જેવું સુખ સંતોષમાં રહી શકતું એવા સુખ સંતોષથી હાલના જમાનાનાં સાઠ પોણોસોના દરમાયામાં આધુનિક કુટુંબોને રહેવું અશકય થઇ પડયું છે.

સ્થિતિ સુધારવાના ઉપાયો;—

કોઇ પણ જનસમાજની આગન્તુક ઉન્નતિનો આધાર તે સમાજના ઉછરતા યુવાનોની સ્થીતિ ઉપર રહેલો છે. આપણી જ્ઞાતિના યુવકોની સ્થિતિનો ચિતાર:—આપણાં યુવાનોમાં એક મોટો ભાગ હીણુકમાઉ—બીનરોજગાર બેસી રહી નિર્જીવ જીવન ગાળે છે. અભ્યાસ કરવાની ઇચ્છાવાળાઓમાંથી કેટલાકને પુરતાં સાધન મળી શકતાં નથી કેટલાએકને સાધનની અનુકુળતા છે તો તે પોતેજ વિદ્યાવિમુખ થઇ બેઠા છે. એ વાત બરાબર ધ્યાનમાં રાખવાની છે કે આપણી જ્ઞાતિની આર્થિક સ્થિતિ (બલ્કે બીજાં દરેક જાતની સ્થીતિ) સુધારવાનો માત્ર એકજ રસ્તો છે અને તે એ કે તમે તમારા યુવાન છોકરાઓને જેમ બને તેમ વિદ્યાભ્યાસમાં આગળ વધારો. ઉપર જણાવેલી જે તેઓની સ્થિતિ છે તેનો સંગીન ફેરફાર કરી નાંખો તમારા યુવાનોને જુદી જુદી લાઇનમાં અભ્યાસ કરાવો. તેઓને ડાકટરો બનાવો, એન્જીનીયરો બનાવો લોયરો બનાવો અને દરેક જુદી જુદી લાઇનમાં કુશળતા મેળવાવો. જયારે જ્ઞાતિનો દરેક વ્યકિત અભ્યાસમાં આગળ વધી જુદા જુદા ધંધારોજગારમાં રોકાઇ જઇ જમાનાને અનુકુળ કમાઇ કરતા થઇ જશે તો પછી આપણી સમસ્ત જ્ઞાતિની આર્થિક સ્થિતિ એની મેળે સુધરી જશે અઢળક પૈસો એકઠો થવો એતો પ્રારબ્ધની વાત છે અને થાય તોપણ કાંઇ ચિંતા નહિ. પણ હાલના જમાનાની હરિફાઇના વહનમાં ઉતરી આપણી જ્ઞાતિનો દરેક મનુષ્ય જયાં જાય ત્યાં પોતાનો માર્ગ કરી લેવા સજજ થાય અને તેનું જીવનસુત્ર સુખશાંતિથી સંકલીત અવ્યાહત્ત વેગથી ચાલ્યું જાય એટલુંજ પરિણામ પરમ ઇષ્ટ છે.

વિદ્યા તરફ બિલકુલ વિમુખ થઇ બેઠેલા હીણુકમાઉ વર્ગમાંથી આપણા કોઈ કોઇ જુવાનીઆઓમાંથી ખુદ પોતે પોતાના બચાવમાં આ વાત લાવી મુકે છે કે "ભણેલા લોકો કમાઇ કમાઇને ઉંધા વળી ગયા? તો તેનો જવાબ એજ છે કે જયારે ભણેલાઓને નિર્વાહ કરવાની એટલી મુસીબત નડે છે તો નહીં ભણેલા હોય તેના શા હાલ થશે? ભણેલા વર્ગને મુસીબત નડે છે એનો અર્થ એમ કરવાથી કાંઇ ફાયદો નીકળતો

નથી કે ભણવામાં સાર નથી. ઉલટું એ વાત ઉપરથી એમ ધડો લેવાનો છે કે જેમ બને તેમ જલદી સૌથી વધારે ભણી વધારે હોશીઆર થઈ જીવન સરતમાં સૌથી આગલ જઇ ઉભા રહેવું એ તેનો ઉપાય છે. ભણવાથી કાંઇ કમાણી થઇ જશે એવું કયાંઈ જોવામાં આવતું નથી. વળી બીજી જાતોની અને દેશની આર્થીક ઉન્નતિ પણ વિદ્યાબળથીજ થઇ છે.

તેઓ સાહેબે આના રદિયામાં યુવાનોનો વ્યાપાર, હુન્નર ઉદ્યોગ આદિની કેળવણીનું જ્ઞાન આપવાથી પણ આ સમયમાં યોગ્ય થઇ પડશે એમ ધારી સૂચના કરી છે પણ આવો વાણિજ્યનો ધંધો આપણા મુત્સદ્દી વર્ગને રૂચશે અને તેમાં ફતેહમંદ નિકળી શકશે કે કેમ તે તેમને સંદેહ રહે છે.

વેપારની રીતિનો અનુભવ અને વેપાર સંબંધેની સામાન્ય કેળવણીની જરૂર છે. કારણ આવા જ્ઞાન અને અનુભવ મેળવ્યા વિના માથે લીધેલી જવાબદારીના પ્રયાસો નિષ્ફળ ગયેલાના દાખલાઓ આપણી જ્ઞાતિમાં મોજુદ છે; પણ જે સંબંધનું જ્ઞાન તથા અનુભવ મેળવ્યા પછી અને વેપાર કરવાને યોગ્ય ગુણો સંપાદન કર્યા પછી દરેક નાની અથવા મોટી રકમથી વેપાર કરવો શરૂ કર્યો હોય તો તે બહુજ ફાયદાકારક નીવડી શકે છે.

વ્યાપાર અને તે સંબંધીનું જ્ઞાન મેળવ્યા પછીજ તે લાઇનમાં જોડાવું એવો સિદ્ધાંત સ્થાપીને બીજું મુખ્ય સાધન આપણા જાતિસ્વભાવને સાનુકુળ સાધન **વિદ્યોપાર્જન** એ સંબંધે શું શું યોજનાઓ કરવી તે વિષે નીચે પ્રમાણે તેઓએ પોતાના વિચાર પ્રકટ કર્યા છે.

(૧) આપણા જુવાનીઆઓ મોટો ભાગ વિદ્યાવિમુખ અને આળસુ થઇ ગયો છે તેને સુધારી વિદ્યાભ્યાસ તરફ તેમનું મન દોરવવું.

(૨) વિદ્યોપાર્જન કરવામાં તેઓને શું શું મુસીબતો નડે છે તે દુર કરવાના ઉપાયો યોજવા.

તેઓએ આપણા જુવાનીઆઓને ધંધા વગર બેસી રહેવું ન પડે તેને વાસ્તે હાથથી કરવાના ધંધાઓ પણ (જેવા કે carpentry wood-turning, blacksmithing plumbing, etc.) ખોલવામાં આવે તો ઘણું સારૂ થાય એમ સુચવ્યું છે.

રા. રા. લાભશંકર કળાકૌશલ્ય અને હુન્નર ઉદ્યોગમાં આપણા યુવાનોને શિક્ષણ આપવાનાં સાધનો પુરા પાડવા ઉપર ખસુસ કરીને સૌનું

ધ્યાન ખેંચે છે; અને જ્ઞાતિની દરેક વ્યક્તિ કંઇ કંઈ ધંધો કરે એવું તેઓ ખાસ કરીને આપણને મનન કરવાની અને તેને અમલમાં મુકવાની શિખામણ આપે છે.

અને જો દુનિયામાં ફતેહ મેળવવી હોય તો અથાગ યત્ન અને ઉદ્યોગની જરૂર છે તેમ વારંવાર આપણા જુવાન વર્ગને ઠસાવવા યત્નો જારી રાખવા જોઇએ. અને ફતેહ વાસ્તે તેઓએ નીચે જણાવેલી ત્રણ ચીજો દરેક માણસની વર્તણુકમાં અથવા દુનિયામાં કમાવાની ઉમ્મરે તેના મનમાં હોવાની જરૂર છે (૧) ઉચ્ચ આશય (૨) અડગ નિશ્ચય આપણા દ્રષ્ટિબિંદુને પહોંચવાને (૩) આપણને ઉપસ્થીત થતા અનુકુળ પ્રસંગોમાં તેનો લાભ લેવાની શકિત અને ઉત્સાહ.

ઉત્સાહ, ઉચ્ચ આશય અથાગ મહેનત અને ગરીબાઇથી ન ડરવાની હિંમતની સાથે આપણા ઉછરતા યુવાનોમાં સ્વાભિમાન અને સ્વતંત્રતાથી પોતાના પગ ઉપર–પોતાની ભુજા–બાહુ બળથી–જીવન નિર્વાહ ચલાવી શકવાની શક્તિ મેળવવાની ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન કરવી જોઇએ. **परपिण्डरतो मनुष्य** ની જેમ રહીને સંતોષ માનવાની ટેવ જડમુળથી નાબુદ કરવી જોઇએ. એ પ્રમાણેની આપણી રહેણી કહેણીથી ઘરમાં આપણું વજન રહેતું નથી અને બહાર–જનસમુહમાં માન મળતું નથી.

આ સંબંધમાં નિબંધ લખનારે પહેલેથી ગૃહ કેળવણીનો પ્રશ્ન પણ ઘણે અંશે ચરચ્યો અને તેમણે જાપાન અમેરીકાના દરેક યુવાનો તેઓ છોકરાં હેય ત્યારથી કેવી જાતની કેળવણી અપાય છે તે દાખલા દલીલ સહિત બતાવી એવી જાતની આપણાં છોકરાંઓને તેમના ગૃહમાં કેળવણી મળવી જોઇએ કે જેથી તેઓના આંતરિક અનવિકસિત ગુણો અને વલણોનું આપણને એટલે તેઓનાં પ્રત્યેક માબાપને સારી રીતે જ્ઞાન થાય કે જેને પરીણામે તેઓ તેઓનાં છોકરાંઓને તેવી તેવી દિશામાં પ્રવૃત કરવાનું શોધે અને જો સાધન સામગ્રી ઓછી હોય તો પુરી પાડે. પણ આ સઘળું માબાપના હાથમાં છે એમ સહજ કોઇ સમજી શકે છે.

(૧) આવો ગૃહ કેળવણીનો પહેલેથી પાયો રચ્યો હોય તો તેઓને જ્યારે મોટી ઉમ્મરે શું કરવું અને કઇ લાઇન લેવી તે વિસામણમાં પડી જાય છે તે થતું અટકે. અને તેને માટે તેઓને રમવાનાં રમકડાં પણ એવી જાતનાં પુરાં પાડવાં કે જેથી તેઓને તેમાંથી કાંઇક જ્ઞાનની વૃદ્ધિ થાય

અને બુદ્ધિ ખીલવવાની તક મળે. આવી જાતનું શીક્ષણ જ્યારે છોકરો કે છોકરી ફક્ત બાલ્યાવસ્થામાં હોય ત્યારે અનુસરવાનું છે. ત્યારપછી બીજે સમયે એટલે કે છ સાત વર્ષનું બાળક થયા પછી તેઓને (૨) આપણી જ્ઞાતિ તરફથી કિન્ડરગાર્ટનની પદ્ધતિ પ્રમાણે શાળાઓ ખોલી રમતગમતમાં થોડોક વખત વ્યતીત કરવાનુ શિક્ષણ આપવું જેથી તેઓને રમતની સાથે સાથે શિક્ષણ પણ મળતું જાય અને એવી શાળા સ્થાપવાની નીબંધ લખનારે ખાસ જરૂર બતાવી છે.

(૩) એક ધાર્મીક પ્રાથમીક શાળા ખોલવી તેમ પણ તેઓની સુચના છે.

(૪) મોટી છોકરીઓ માટે પણ કેળવણી અર્થે એક કલાસ કાઢવો.

(૫) "Entrance" ની પરિક્ષા સુધી પહોંચેલા પણ પાસ ન થયેલા અને પોતાનો અભ્યાસ આગળ વધારવાની જેઓને બુદ્ધિ તથા સાધન ન હોય તેવાને technical Commercial આદિ કેળવણી સારૂ કલાસ કઢાવવો.

(૬) Account સંબંધેનું જ્ઞાન આપવા પણ નિબંધ લખનારે આપણી જ્ઞાતિના ગૃહસ્થોની પેઢીમાંથી શિક્ષણ આપવાની ગોઠવણ કરાવવાનું સુચવ્યું છે.

નિબંધ લખનારે ઉપર કહેલી સર્વ પ્રગતિને માટે જુદી જુદી કમીટીઓ નીચે પ્રમાણે સુચવી છે.

(1) Fund Collection Committee.

(2) Home Education Furtherance Committee.

(3) Technical, Commercial, Industrial Education. furtherance Committee.

(4) Kinder Garten System and religious Education furtherance Committee.

નિબંધ લેખકે ત્યાર પછી આપણો સુશિક્ષીત વર્ગ જે કહેવાય છે તેનો ઘણો ખરો ભાગ જ્યારે તેઓ સારે માઠે પ્રસંગે એકઠા થવાનો

પ્રસંગ આવે ત્યારે પરનિંદા તથા ઠઠ્ઠા મશ્કરી, અથવા અવગણુનાનું કામ કરવાને બદલે જ્ઞાતિ ઉન્નતિના વિષય ઉપર વિચાર કરવામાં ગાળવાનું સુચવેલ છે.

(૨) રા. રા. નવનીધરાય હરજીવનદાસ મહેતાએ નીચે પ્રમાણે તેમના વિચારો તેમના પત્રદ્વારા દર્શાવેલા છે.

"છેવટનાં દશ પંદર વર્ષની હકિકત જોઇએ છઇએ ત્યારે આપણા ગૃહસ્થોની પુંજીમાંથી મોટી રકમની નુકશાની થઇ છે એમ સહજ ધ્યાનમાં આંવે છે તેથી તેટલે દરજજે તે નુકસાની સમગ્ર જ્ઞાતિને થઇ છે એમ માનવાને અડચણ નથી.

તેઓએ માનસિક તથા શારિરીક સ્થિતિ સંબંધે નીચે પ્રમાણે વિવેચન કર્યું છે :—

ભાવનગરમાં કેળવણી લેવાનું સાધન રાજ્ય તરફથી હાઇસ્કુલ અને સામલદાસ કોલેજ સ્થાપીને કરી આપેલ છે અને ઘણા તેનો લાભ પણ લે છે. કેટલાક તો ચોથા પાંચમાં અથવા છઠ્ઠા ધોરણમાંથીજ અભ્યાસ છોડી દઇ પોતાનો અમુલ્ય વખત ગપ્પા મારવામાં તથા આથડવામાં ગાળે છે. વીસ વર્ષ પહેલાં તો આપણને નામદાર દરબારશ્રીની નોકરી (પછી ભલે તે બાર કે પંદર રૂપિઆની હોય) મળવી સુલભ હતી, એટલે એવી રીતે અભ્યાસ છોડી દેતા છોકરાઓ ધંધે તો લાગી જતા. પરંતુ હવે તો ભાવનગરમાંજ નહી પણ કાઠિયાવાડમાં પણ આપણી જ્ઞાતિના ભણેલા તથા અનુભવી માણસોને માટે જગ્યાજ નથી તો પછી તેવી રીતે અભ્યાસ છોડી દેતા છોકરાઓ માટે તો હોયજ ક્યાંથી!!! તે આવી રીતે આપણા યુવકો અભ્યાસ પુરો કરતા નથી જેને માટે તેમના માબાપો પ્રથમ દરજ્જે જવાબદાર છે અને તેઓ પોતાની જવાબદારી બરાબર અદા નહી કરે ત્યાં સુધી તેમાં કાંઇ સંગીન સુધારો થવાનો સંભવ મને જણાતો નથી.

કોઇ કોઇને તો પોતાના પિતા અથવા વડિલની આર્થિક સ્થિતિને લઇને પણ કદાચ અભ્યાસ છોડવો પડતો હશે તો તેવાઓને મદદ મેળવી આપવાનું બને તો સ્તુત્ય છે. આપણી જ્ઞાતિનું ફંડ થયું છે તેમાંથી કોઇને મદદ મળે છે, પણ ફંડ ઘણું નાનું હોઇને તેના વ્યાજમાંથી ઝાઝી મદદ મળી શકે તેમ નથી. તો બીજી રીતે તેવાઓને મદદ મેળવી આપવી જોઇએ. હવે પ્રશ્ન એ છે કે કઇ કેળવણી હાલના વખતમાં વધારે

લાભકારક છે? આ સવાલનો જવાબ જરા મુશ્કેલ છે, કારણ કે લગભગ બધા ધંધામાં સ્પર્ધા ઘણી વધી ગયેલી જોવામાં આવે છે, એટલે તે બાબતો કેળવણી લેનારને પોતાને શું રૂચે છે તેની ઉપરજ તે વાત રહેવા દેવી જોઇએ એમ મને ઉચિત જણાય છે; તોપણ હુન્નરઉદ્યોગને લગતું જ્ઞાન મેળવવું એ વધારે શ્રેયસ્કર છે.

૩) એક ગ્રહસ્થે તેમની નીચે સહી કર્યા સિવાય તેમનો નિબંધ સેક્રેટરી તરફ રવાના કર્યો છે તેમના વિચારો નીચે મુજબ છે.

આગળની માફક આપણો જ્ઞાતિબંધુ કુટુંબનો સારો માઠો અવસર વિના મુશીબતે કાઢી શકતો નથી તેનું કારણ શું?

(૧) મોંઘવારી.

(૨) સ્થળ ફેરફાર—નોકરીને અર્થે પરદેશ જવું પડે છે તે સર્વની મોંઘવારી હોઇને સાધારણ તથા ગરીબ સ્થિતિના ગ્રહસ્થો જેનો સમુહ આપણી જ્ઞાતિમાં ઘણે મોટે ભાગે છે તે સૌ કેળવણી અર્થે પોતાનાં છોકરાંને માટે પૈસા બચાવી શકતો નથી તેથી તેઓ સાહેબે એક કેળવણી ફંડ સ્થાપવાની જરૂરિઆત જણાવી છે.

કેળવણીમાં આપણો યુવાન વર્ગ ઘણો પછાત તથા નિરૂત્સાહી છે તેનું કારણ તેઓ બેદરકાર છે અને મોટે ભાગે તેઓના માબાપ છે તેમ તેઓ જણાવે છે.

ઉપર કહ્યા મુજબ કેળવણી ફંડ કેમ ઉભું કરવું તે વિષે તેઓ સાહેબે કેટલાક ઉપાયો સુચવ્યા છે, તે નીચે પ્રમાણે છે.

(૧) જ્ઞાતિ ફંડ જે ઉભું કરવામાં આવ્યું છે તેમાં ઘણાખરા ભાઇઓએ ફાળો ભરવાનું વચન આપ્યા છતાં તે રકમ તેમના તરફથી અપાણી નથી તો તે બાબતમાં વ્યવસ્થાપક કમીટીએ તેમની સાથે પત્ર વ્યવહાર કરી તેમનાં કારણો જાણી ગેરસમજ દુર કરી સમજુતી ઉપર લાવવાની જરૂર છે. ઉપલા ફંડના છેવટના રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે ફંડ ઓછું હોઇ તેને વધારવા વાસ્તે ઉપાયો યોજવા માટે કમીટી નીમી છે. ફંડની રકમ ઓછી હોઇ જોઇએ તેટલી મદદ કરી શકાતી નથી તો તે વધારવાની આવશ્યકતા છે.

(૨) શ્રીમંત પીતાએ પોતાના સ્વર્ગસ્થ પુત્રને નામે, પુત્રે પિતાને નામે, પતિએ પોતાની ધર્મપત્નીને નામે તેમજ વિધવાઓએ

તેમના સ્વર્ગસ્થ પતિઓના સ્મરણાર્થે સારી રકમ આપવાની જરૂર છે. સાંભળવામાં આવ્યું છે કે જુનાગઢમાં આપણી જ્ઞાતિની વિધવા બાઇએ રૂ. ૨૦૦૦૦) નિરાશ્રીતને મદદ કરવામાં કાઢેલ છે.

નાગર જીમખાનાના કાર્યવાહકોએ જ્ઞાતિના પ્રશ્નો હાથ ધરવા અને તેનાં ઉપાયો યોજવાની જુદી જુદી બોર્ડો સ્થાપવી જેવી કે કેળવણી બોર્ડ મેડીકલ બોર્ડ તથા ખર્ચ કમી કરવાની બોર્ડ.

લગ્ન પ્રસંગે નકામો ખર્ચ કાઢી નાંખવાને તેઓએ કેટલીક સુચનાઓ સારી કરી છે. અને તે કામ જીમખાનાના કાર્યવાહકોમાંથી નીમેલાં બોર્ડોને સુપ્રત કરવાની સુચના કરેલી છે.

(૪) રા. રા. પ્રતાપરાય છોટમલાલ દેશાઇ તરફથી લેખ લખાઇને આવ્યો હતો પરંતુ તે ગોતતાં હાલમાં મળી આવેલ નથી તેથી તેમણે ચર્ચેલ મુદ્દાઓનો સાર કાઢી શકાયો નથી તે માટે મંડળ પોતાની દીલગીરી જાહેર કરે છે.

પરિશિષ્ટ ૨ જું.

શ્રી હાટકેશ્વરો જયતુ.

શ્રી મુંબઇ ભાવનગર નાગર મંડળના સામાન્ય નિયમો.

મંડળની સ્થાપના અને નામ. (૧) આ મંડળનું નામ શ્રી મુંબઇ ભાવનગર વડનગરા મંડળ રાખવું.

નોટ—ઉપરના મંડળની સ્થાપના ઇ. સ. ૧૯૦૮ ના એપ્રીલ માસની ૧ લી તારીખે કરવામાં આવેલ છે.

(૨) (ક). આ મંડળના ઉદ્દેશ તથા હેતુઓ નીચે પ્રમાણે રાખવાનું ઠરાવવામાં આવે છે.

(૧) આપણી જ્ઞાતિની સામાન્ય ઉન્નતિ.

(૨) આપણા જ્ઞાતિ બંધુઓમાં સંપ તથા ભ્રાતૃભાવની વૃદ્ધિ.

મંડળનો ઉદ્દેશ તથા ઉદ્દેશ ફળીભુત કરવાનાં સાધનો. (૩) આપણી જ્ઞાતિમાં કેળવણીનો વિકાસ.

(૪) અને જ્ઞાતિ સેવા.

આ ઉદ્દેશ ફળિભૂત કરવાનાં સાધનો:—

(ખ) (૧) નિયોજક મંડળી નક્કી કરે તે વિષયો સમગ્ર સભાની સમંતિ મેળવી હાથ ધરવા. તેવા વિષયો ઉપર નિયોજક મંડળી નક્કી કરે તે રીતે અને તેવા લેખો તથા પત્રો વિગેરે છપાવવા અને જ્ઞાતિના દરેક કુટુંબમાં અને મંડળના પ્રત્યેક સભાસદને તેમજ નિયોજક મંડળી નક્કી કરે તેવી વ્યકિતઓને તથા સંસ્થાઓને વિના મુલ્યે વહેંચવા.

(૨) નિયોજક મંડળી નક્કી કરે તે પ્રમાણે આ મંડળના સભાસદોની વખતો વખત સભાઓ ભરવી અને તેમાં ઉદ્દેશને ઉપયોગી થઇ પડે તેવા વિષયો સંબંધે વ્યાખ્યાનો ગોઠવવાં તથા તે ઉપર ચર્ચા કરવી. આવી સભાઓમાં આપણી જ્ઞાતિનો દરેક ગૃહસ્થ સભાસદ હોય અથવા ન હોય તો પણ ભાગ લઇ શકશે પણ આ મંડળના બંધારણ તથા ધારા ધોરણ વિષેની ચર્ચા કરવા તથા તે સંબંધે મત આપવા માટે ફક્ત મંડળના સભાસદોજ અધિકારી ગણાશે.

(૩) નિયોજક મંડળી નક્કી કરે તે પ્રમાણે વખતો વખત જરૂર જણાયા પ્રમાણે મુંબઈમાં તેમજ ભાવનગરમાં આપણી જ્ઞાતિના પુરૂષો અને સ્ત્રીઓની સભાઓ બોલાવવી.

મંડળનો સભાસદ કોણ થઈ શકે.

(૩) શ્રી ભાવનગર નાગર જ્ઞાતિનો અઢાર વર્ષ અગર તેથી વિશેષ ઉમરનો કોઇપણ પુરૂષ આ મંડળનો સભાસદ થઇ શકશે.

લવાજમ.

(૪) આ મંડળના સભાસદ તરીકેનું વાર્ષિક લવાજમ રૂ. ૧ ઠરાવવામાં આવે છે; જે ઓછામાં ઓછા બે હફ્તે મે તથા ઓકટોબર માસની આખર સુધીમાં દર હફ્તે રૂ. ૦-૮-૦ પ્રમાણે આપી શકાશે.

(૫) આ મંડળના સર્વ સભાસદોની સભા સમગ્ર સભા કહેવાશે.

સમગ્ર સભા તથા કોરમ.

(૬) આવી સમગ્ર સભાનું સર્વ કાર્ય મુંબઇમાં હાજર હોય તેટલા સભાસદોની અર્ધી સંખ્યા હાજર હશે તોજ થઇ શકશે. પરંતુ એવું ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ સંખ્યાના અભાવે જો સમગ્ર સભા મુકરર કરેલ દિવસ

ભરી શકાશે નહિ તો ત્યાર પછી બીજે વખતે કોરમના અભાવે પણ મળી શકશે, તેમજ એક વખત મુલતવી રહેલી સમગ્ર સભા કોરમના અભાવે પણ પોતાનું કાર્ય ચાલુ કરી શકશે અને આવી સભાઓમાં કાર્યનો નિર્ણય સભામાં હાજર રહેલ સભાસદોના વિશેષાનુમતે થશે.

સાધારણ સમગ્ર સભા. (ખ) (૧) આ મંડળની સાધારણ સમગ્ર સભા દર વર્ષે એપ્રીલ તથા ઓકટોબર માસમાં ઓછામાં ઓછી બે દિવસની અગાઉથી ખબર આપ્યા બાદ ભરવામાં આવશે, અને આવી સમગ્ર સભામાં મંડળે કરેલા કામકાજનો છ માસિક રિપોર્ટ અને હિસાબ પસાર કરાવવામાં આવશે અને આ ઉપરાંત મંડળની વાર્ષિક ચુંટણી એપ્રિલ માસમાં સમગ્ર સભામાં કરવામાં આવશે.

અસાધારણ સમગ્ર સભા. (૨) આ સિવાય મંડળની અસાધારણ સમગ્ર સભા નિયોજક મંડળીની અથવા તો મંત્રીઓની ઇચ્છાથી તેમજ મંડળના છ સભાસદોની લેખીત વિનંતિથી બોલાવી શકાશે.

(૩) મંડળના સભાસદોની લેખિત વિનંતિથી સાત દિવસની અંદર મંત્રીઓ અસાધારણ સમગ્ર સભા ન બોલાવે તો તે છ સભાસદો પોતાની સહીવાળી લેખીત નોટીસથી અસાધારણ સમગ્ર સભા બોલાવી શકશે.

નિયોજક મંડળી. (૬) (ક) આ મંડળના સર્વ કામકાજની વ્યવસ્થા કરવા માટે પ્રતિ વર્ષે સમગ્ર સભા છ સભાસદોની ચુંટણી કરશે. આ છ સભાસદોની મંડળી નિયોજક મંડળી કહેવાશે. આ છ સભાસદોમાંથી બે સભાસદોની સંયુકત મંત્રી તરીકે ચુંટણી સમગ્ર સભા કરશે.

કોરમ. (ખ) નિયોજક મંડળીનું કામકાજ ઓછામાં ઓછા ત્રણ સભાસદોની હાજરી હશે તોજ ચાલી શકશે.

ચુંટણી. (ગ) નિયોજક મંડળીની તેમજ મંત્રીઓની ચુંટણી પ્રતિ વર્ષે એપ્રીલ માસની સમગ્ર સભામાં થશે; પરંતુ એવું ઠરાવવામાં આવે છે કે જ્યાં સુધી નવી નિયોજક મંડળી હસ્તિમાં આવે નહિ ત્યાં સુધી જુની નિયોજક મંડળી કામકાજ કરશે.

કર્તવ્ય અને હક્ક.

(૫) નિયોજક મંડળીને ઉપર લખ્યા મુજબ સર્વ પ્રકારના કામોની ને નાણાંની વ્યવસ્થા કરવાનો, પેટા કાનુનો ઘડવાનો, પોતાના પ્રમુખ નિમવાનો, પેટા કમિટિઓ નિમવાનો તથા નિયોજક મંડળીના કોઇ પણ સભાસદ તેમજ મંત્રીની જગ્યા વર્ષ દરમ્યાન કાયમ માટે અગર થોડી મુદત માટે ખાલી પડે તો તે પુરવાનો તથા હરકોઇ ગૃહસ્થ પાસેથી મંડળના ઉદ્દેશને અનુસરતી હરેક પ્રકારની સહાય લેવાનો હક આપવામાં આવે છે.

સભાસદની ગેર-હાજરી.

(૬) નિયોજક મંડળીની સાધારણ સભા દર માસે ભરવામાં આવશે, અને તેવી સાધારણ સભાની ઉપરા ઉપરીની ત્રણ બેઠકમાં નિયોજક મંડળીનો જો કોઇ સભાસદ ગેર-હાજર રહેશે, તો નિયોજક મંડળીના સભાસદ તરીકે તે બંધ થયો ગણાશે.

(૭) આ ઉપરાંત મંત્રીઓ નિયોજક સભાની અસાધારણ સભા પોતાની ઇચ્છાથી અથવા તો નિયોજક મંડળીના હરકોઇ બે સભાસદની લેખીત વિનંતીથી બોલાવી શકશે. પરંતુ મંત્રીઓ જો લેખીત વિનંતિ પત્ર મળ્યાની તારીખથી અઠવાડીઆમાં નિયોજક મંડળીની અસાધારણ બેઠક ભરે નહિ તો નિયોજક મંડળના તે બે સભાસદો પોતાની સહીવાળી લેખીત નોટીસથી નિયોજક મંડળીની અસાધારણ સભા બોલાવી શકશે.

નાણાંની વ્યવસ્થા.

(૭) (ક) આ મંડળને લગતો તમામ ખર્ચ સભાસદોના લવાજમમાંથી તેમજ અન્ય જે કાંઇ ઉત્પન્ન થાય તેમાંથી કરવામાં આવશે. આવી રીતે ખર્ચ કરતાં પ્રતિવર્ષને અંતે રૂ ૨૫ ઉપરાંત જો કાંઇપણ બાકી વધશે તો તેવી વધારાની રકમ "અનામત" ફંડ ખાતે લઇ જવામાં આવશે.

(ખ) ઉપર જણાવેલ "અનામત" ફંડનો ઉપયોગ સમગ્ર સભાના ઠરાવથીજ થઈ શકશે; આવો ઠરાવ સાધારણ અથવા તો અસાધારણ સમગ્રસભામાં હાજર હોય તે સભાસદોની ૩/૪ સંખ્યાની અનુમતિથીજ થઈ શકશે.

સુચના વિગેરે.

(૮) આ મંડળના ઉદ્દેશને અનુસરતા વિષય ઉપર લેખ લખવા ઇચ્છા રાખનાર હરકોઇ પુરૂષ અથવા સ્ત્રી મંત્રીઓને તેવો લેખ લખી મોકલી શકશે અને આવો લેખ નિયોજક મંડળીની અનુમતિ મળ્યા પ્રમાણે છપાવવામાં આવશે.

બક્ષીશ.

(૯) આ મંડળને દ્રવ્ય સંબંધી મદદ અથવા કોઇ પણ પ્રકારની બક્ષીશ આપવાની હરકોઇ સ્ત્રી પુરૂષને ઇચ્છા થશે તો તેવી મદદ અગર બક્ષીશ નિયોજક મંડળીની અનુમતિથી સ્વીકારવામાં આવશે.

નિયમોમાં ફેરફાર કરવા વિષે.

(૧૦) આ મંડળના ઉદ્દેશ, નિયમો અને કાનુનો વિગેરેમાં ફેરફાર સુધારો, વધારો યા ઘટાડો કરવાનો સર્વ હક સમગ્ર સભાને છે.

શ્રી મુંબઈ ભાવનગર નાગર મંડળના કાર્યનો ટુંક અહેવાલ.

આ મંડળની સ્થાપના ૧૯૦૮ માં થઇ હતી અને ત્રણચાર વર્ષ જુદા જુદા વિષયો ઉપર લેખો લખાવી તે છપાવી જ્ઞાતિમાં ઘેર ઘેર વહેંચીને યથા શકિત જ્ઞાતિ સેવા કરી હતી ત્યારબાદ કેટલાક સંયોગોને લઇને મંડળ સુષુપ્તિ અવસ્થામાં આવી ગયું હતું. આપણી જ્ઞાતિના મુંબઇમાં વસતા કેટલાક ગ્રહસ્થોને આ મંડળની જરૂરીઆત લાગવાથી સં. ૧૯૧૫ ના ફેબ્રુઆરી માસમાં બની શકે તો જુના મંડળને સજીવન કરવા અથવાતો એક નવુંજ મંડળ સ્થાપન કરવા એક કમીટી નીમવામાં આવી હતી. આ કમીટીએ જુના મંડળના મંત્રીઓ સાથે લાંબા વખત સુધી પત્ર વ્યવહાર કરીને તથા મસલત ચલાવીને જુના મંડળના ધારા ધોરણમાં ઘટતો ફેરફાર કર્યો બાદ જુના મંડળને ૧૯૧૫ ના એપ્રીલ માસમાં સજીવન કરવામાં આવ્યું હતું.

મંડળનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાતિને ઉપયોગી વિષયો ઉપર લેખો લખાવી તે છપાવીને જ્ઞાતિમાં ઘેર ઘેર વહેંચીને જ્ઞાતિની જરૂરીઆતો સંબંધે જ્ઞાતિમત કેળવવાનો હોવાથી મંડળની નિયોજક સભાએ મંડળની સમગ્ર સભાની અનુમતિથી "આપણી જ્ઞાતિની આર્થિક સ્થિતિ અને તે સુધારવાનાં

સાધનો" તે વિષય ઉપર લેખ જ્ઞાતિની હરકોઇ વ્યક્તિ પાસે લખાવી મંગાવવાનો ઠરાવ કર્યો હતો. એ લેખ પ્રસિદ્ધ કરવામાં વિલંબ થવાનાં કારણો ઉપોદ્‌ઘાતમાં જણાવેલ છે એટલે તે સંબંધે અહિં કાંઇ લખવાની જરૂર નથી.

આ ઉપરાંત રા. રા. શાન્તિરાય બળવંતરાય મહેતાએ "Education in our community" રા. રા. ઇન્દુપ્રસાદ શિવપ્રસાદ મહેતાએ "Co-operative Credit Societies" રા. રા. કુમારકાંત શંભુપ્રસાદ મહેતાએ "Educate, Unite and Hope", રા. રા. શંભુપ્રસાદ શિવપ્રસાદ મહેતાએ "Evolution" રા. રા. વૈકુંઠરાય નવનીંધરાય મહેતાએ "સંધ્યા વિષે વિવેચન" રા. રા. કાન્તિલાલ માધવલાલ દેસાઇએ India in its industrial Aspects" રા. રા. રમણીકરાય નવનીંધરાય મહેતાએ "સહકાર્ય" રા. રા. જસવંતલાલ સાકરલાલ મહેતાએ "Programme of work before us" અને બીજા વિષયો ઉપર આપણા ભાઇઓએ ભાષણો આપ્યાં હતાં. રા. રા. જયોતિંદ્ર લલ્લુભાઇ મહેતાએ શ્રી મહાભારતના કેટલાક બનાવોની તૈયાર કરેલ "પ્લેટો" આપણી જ્ઞાતિના સ્ત્રી પુરૂષોના મેળાવડા સમક્ષ "મેજીક લેન્ટર્નની" મદદથી બતાવી હતી.

રા. રા. ગુલાબરાય ગોવિન્દરામ દેસાઇ ૧૯૧૬ ના સપ્ટેમ્બર માસમાં મુંબઇ આવ્યા હતા તે પ્રસંગનો લાભ લઇને "આપણી જ્ઞાતિની હાલની ફરજો એ વિષય ઉપર હિરાબાગમાં ભાષણ આપવાની તેમને વિનંતિ કરવામાં આવી હતી. જે પ્રસંગે પ્રમુખસ્થાન સુરતવાસી રા. રા. મનમુખરામ કૃષ્ન મુખરામ મહેતાને આપવામાં આવ્યું હતું.

શ્રી મંડળીના સુધારેલા ધારા ધોરણો આ સાથે છાપવામાં આવ્યાં છે. જે ઉપરથી જણાશે કે મંડળના સભાસદ તરીકેનું વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૧-૮-૦ રાખવામાં આવ્યું છે. તે એવા હેતુથી કે જ્ઞાતિનો હર કોઈ ઉમર લાયક ગૃહસ્થ મંડળનો સભાસદ થઇ શકે. પત્રો છપાવવા વિગેરે મંડળના મુખ્ય કામમાં પૈસાની જરૂર મંડળને હમેશાં હોઇને દરેક જ્ઞાતિહિતેંષી ગૃહસ્થ મંડળના સભાસદ તરીકે જોડાઇને જ્ઞાતિસેવામાં મદદ કરશે એવી ઉમેદ છે.

શ્રી મુંબઇ ભાવનગર વડનગર નાગર મંડળના સભાસદોના નામ.

રા.રા. માર્કંડરાય વિ. ગીરજાપ્રસાદ દેસાઇ
,, કાન્તિલાલ વિ. સાકરલાલ દેસાઇ
,, કાન્તિલાલ વિ. માધવલાલ દેસાઇ
,, શંભુપ્રસાદ શીવપ્રસાદ મેહેતા
,, વિઠલદાસ સામળદાસ મેહેતા
,, અજીતરાય વિઠલદાસ મેહેતા
,, કપીલરાય વિ. ભુપતરાય મેહેતા
,, જસવંતલાલ વિ. સાકરલાલ મેહેતા
,, રમણીકલાલ વિ સાકરલાલ મેહેતા
,, લક્ષ્મીલાલ વિ. સાકરલાલ મેહેતા
,, કંચનરાય વિ. વસંયરાય મેહેતા
,, કંચનરાય વિ. નવનીધરાય મેહેતા
,, વૈકુંઠરાય વિ. નવનીધરાય મેહતા
,, વૈકુંઠરાય વિ. વિઠલરાય મેહેતા
,, લાભશંકર ઉમીયાશંકર મેહેતા
,, નોતમલાલ વિ. રતિલાલ મેહેતા
,, ઇન્દુપ્રસાદ શીવપ્રસાદ મેહેતા
,, કુમારકાંન્ત વિ. શંભુપ્રસાદ મેહેતા
,, ચંદ્રશંકર લાભશંકર મેહેતા
,, શાન્તિરાય વિ. બળવંતરાય મેહેતા
,, નવનિધરાય મણીલાલ ઓઝા
,, કાન્તિલાલ મણીલાલ ઓઝા
,, રમણીકરાય માનશંકર ઓઝા
,, અવંતિલાલ સાકરલાલ ઓઝા
,, મોતીલાલ બાપાલાલ મઝમુદાર

શ્રી મુંબઈ ભાવનગર વડનગરા નાગર મંડળની તા૦ ૨૧-૩-૧૮ ના રોજ ભરાએલી અસાધારણ સમગ્ર સભાની નોંધ.

શ્રી "મુંબઇ ભાવનગર વડનગરા નાગર મંડળ"ની એક અસાધારણ સમગ્ર સભા તા૦ ૨૧-૩-૧૮ શુક્રવારના રોજ "પાર્વતી મેનશન"માં ભરવામાં આવી હતી જેમાં નીચે પ્રમાણે ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

ઠરાવ ૧ લો.

શ્રી મુંબઇ ભાવનગર વડનગરા નાગર મંડળના સભાસદો અસાધારણ સભા ભરીને ઠરાવ કરે છે કે રવિવાર તા૦ ૧૭-૩-૧૮ ના રોજ શ્રી ગોધા ભાવનગર વડનગરા નાગર જ્ઞાતિહિતાર્થે ફંડની સમગ્ર સભા ભરવામાં આવી તે દિવસે રા. રા, ચંપકલાલ માણેકલાલ મહેતાએ પોતાના સ્વ. પત્ની અને પુત્રના સ્મરણાર્થે રૂ. ૮૦૦૦) ની રકમ આપણી જ્ઞાતિના યુવકો અને બાળાઓના અભ્યાસના ઉત્તેજનાર્થે આપી શુભ શરૂઆત કરેલ છે તેની મંડળ સહર્ષ નોંધ લે છે.

આવી મોટી રકમ એકજ ગ્રહસ્થ તરફથી એકી સાથે જ્ઞાતિ ફંડને મળ્યાનો આ પ્રથમ દાખલો છે અને અન્ય શક્તિવાન ગૃહસ્થો તેનું અનુ-

કરશુ કરી જ્ઞાતિહિતાર્થ ફંડમાં વૃદ્ધિ કરવા ઉત્સાહિ બનશે અને જ્ઞાતિની દિન પ્રતિદિન નબળી પડતી જતી અને ખેદજનક આર્થીક સ્થિતિ સુધારવા માટે અન્ય શ્રીમંત ગૃહસ્થો ઉદારતા બતાવશે એમ મંડળ આશા રાખે છે.

રા. રા. જસવંતલાલ વિ. સાકરલાલ મહેતા (રજુ કરનાર).

રા. રા. ઈન્દુપ્રસાદ શિવપ્રસાદ મહેતા (અનુમોદન આપનાર).

ઠરાવ ૨ જો.

સ્વ. વ. મુ૦ શ્રી વિઠ્ઠલદાસ સામળદાસ મહેતાનાં પત્નીએ જ્ઞાતિની વિધવાઓને મદદ આપવાના હેતુથી રૂ. ૧૭૦૦) આપેલ અને તેમ કરી સ્ત્રીઓને જ્ઞાતિહિતનાં કાર્યોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા માર્ગ બતાવવા પ્રયાસ કરેલ છે તેની સહર્ષ નોંધ મંડળ દફતર ઉપર રાખવાનું ઠરાવે છે.

રા. રા. વૈકુંઠરાય વિ. નવનીધરાય મહેતા (રજુ કરનાર)

રા. રા. કુમારકાન્ત વિ. શંભુપ્રસાદ મહેતા (અનુમોદન કરનાર)

ઠરાવ ૩ જો.

ઉપરના ઠરાવોમાંથી ઠરાવ નં૦ ૧ લાની નકલ રા. રા. ચંપકલાલ માણેકલાલ મહેતા ઉપર તથા ઠરાવ નં૦ ૧ લા તથા ૨ જાની નકલ શ્રી જ્ઞાતિહિતાર્થ ફંડના સેક્રેટરી તરફ આજની સભાના પ્રમુખ તથા મંડળના મંત્રીઓની સહીવાળા પત્રો સમેત મોકલી આપવાનો ઠરાવ કરવામાં આવે છે. રા. રા. ચંપકલાલ માણેકલાલ મહેતા ઉપર નીચે પ્રમાણે તાર કરવાની પ્રમુખને સત્તા આપવામાં આવે છે:-

"Thanks your Munificient donation Communal Fund Pray accept Mandal's Sincere congratulations."

રા. રા. શાન્તિરાય વિ. બળવંતરાય મહેતા (રજુ કરનાર)

રા. નૌતમલાલ વિ. રતીલાલ મહેતા (અનુમોદન કરનાર)

ઠરાવ ૪ થો.

આજના કાર્યક્રમની નોંધ આર્થિક સ્થિતિના પત્રની સાથે છપાવીને જ્ઞાતિમાં વહેંચવી એવો શ્રી મંડળ ઠરાવ કરે છે.

રા. રા. કંચનરાય વિ. વસંતરાય મહેતા (રજુ કરનાર)

રા. રા. વૈકુંઠરાય વિ. વિઠ્ઠલરાય મહેતા (અનુમોદન આપનાર)

આર્થિક સ્થિતિ સુધારવા માટેની યોજના તથા સુચનાઓનું તારણ.

(ક) ઓછામાં ઓછી પચાસથી એક સો રૂપીઆ સુધીની માસિક કમાણીની જરૂરીયાત.

(ખ) કેળવણીનો પ્રસાર.
૧. ગૃહ કેળવણી ૨. કેળવણીને અંગે જ્ઞાતિહિતાર્થ ફંડનો તેમજ વિદ્યોત્તેજક ફંડનો વધારો. ૩. બોર્ડીંગ અથવા ગુરૂકુલ જેવી સંસ્થાની સ્થાપના. ૪. "ઇનફરમેશન બ્યુરો". ૫. જીમખાના તરફથી કેળવણીની જુદી જુદી શાખાઓ સંબંધે પ્રવૃત્તિઓ. ૬. સ્ત્રીઓને શિક્ષણ આપવા માટે વર્ગો. ૭. યુવકોને યુરોપ અમેરીકા વિગેરે પ્રદેશોમાં જઇ કેળવણી સંપાદન કરવાની જરૂરીઆત. ૮. વેપારીઓની પેઢીઓમાં ઉમેદવાર તરીકે રહીને વેપારી શિક્ષણ લેવાની જરૂરીઆત.

(ગ) જ્ઞાતિની જરૂરીઆતના જુદા જુદા વિષયો ઉપર લેખો લખાવી તે દ્વારા જ્ઞાતિમત કેળવવાની આવશ્યકતા.

(ઘ) સ્વતંત્ર ધંધા ઉદ્યમસર થવાને માટે "કોઓપરેટીવ પ્રીન્સીપલ પ્રમાણે "કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટી" સ્થાપી તે મારફતે પૈસાની મદદ, અને "કોઓપરેટીવ સ્ટોઅર્સ" સ્થાપી તે દ્વારાએ કામ લેવાની જરૂર.

(ચ) આ ઉપરાંત દરેક વ્યક્તિને બીજાઓની મદદ ઉપર આધાર. રાખવાને બદલે સ્વાશ્રયી કરવા માટે "હોમ ઇન્ડસ્ટ્રીઝ" ની વ્યવસ્થા કરવાની જરૂર.

(છ) "બીલ્ડીંગ સોસાએટી" ની સ્થાપના કરી મકાન તથા ચાલ બાંધવાની જરૂરીઆત.

(જ) ઉપરની યોજનાઓ અમલમાં લાવવા માટે જરૂરીઆત પુરી પાડવાના હેતુથી પ્રોવીડન્ટ ફંડ." અથવા "કમ્પલસરી સેવીંગ" ના ધોરણ ઉપર ફંડ કરવાની આવશ્યકતા.

(ઝ) જ્ઞાતિ બંધારણની આવશ્યકતા તથા દેશકાળને અનુસરીને પ્રાસંગીક ખર્ચો તથા રીતરીવાજો ઓછા થઇ શકે તે ધોરણે સુધારો કરવાની જરૂર.

પ્રશ્નાવળી.

૧ આપણી કોમની આર્થિક સ્થિતિ સુધારવાની જરૂર છે કે કેમ? જો તેની જરૂરીયાત આપને લાગતી ન હોય તો તેના શું કારણો છે?

૨ જો આપ તેવી જરૂરીયાત સ્વીકારતા હો તો આ લેખમાં દર્શાવવા આવેલ કઇ કઇ યોજના આપની સંમતી મેળવે છે?

૩. આ લેખમાં દર્શાવવામાં આવેલ યોજનાઓ ઉપરાંત બીજી કોઇ યોજના આપના ધ્યાનમાં છે કે? જો આપના ધ્યાનમાં હોય તો સુચવશો.

૪. એ યોજનાઓમાંથી હાલ તુરત પસંદ કરવા લાયક અને જરૂરી કઇ છે?

૫. એ યોજના અમલમાં મુકી શકાવા માટે આપ કઇ અને કેટલી મદદ કરવા તૈયાર છો?